॥ ॐ ॥

શ્રી સદ્ગુરૂ સ્વામી શ્રી મુક્તાનંદજીની દયાથી

પ્રેમવાણી ભજનમાળા,

ભાગ ૧ લો.

બનાવનાર,

હરિભક્ત—સોમનાથ ભુલાખીદાસ—ભાવસાર,

સરસપુર.

સનાતન ધર્મનો ખોજ કરનાર

તે

હરીજન સજ્જનોને માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર,

લુહાર હરજીવનદાસ મુળજી.

અમદાવાદ તાબે સરસપુરના.

અમદાવાદ.

ધી ડાયમન્ડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમા

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

સવત ૧૯૭૦. પ્ર. ૬૫૦. સને ૧૯૧૪.

કીંમત અમુલ્ય.

॥ ૐ ॥

શ્રી સદ્‌ગુરૂ સ્વામી શ્રી મુક્તાનંદજીની દયાથી

પ્રેમવાણી ભજનમાળા.

ભાગ ૧ લો.

બનાવનાર,

હરિભક્ત—સોમનાથ બુલાખીદાસ—ભાવસાર.

સરસપુર.

સનાતન ધર્મનો ખોજ કરનાર

તે

હરીજન સજજનોને માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર,

લુહાર હરજીવનદાસ મુળજી.

અમદાવાદ તાબે સરસપુરના.

અમદાવાદ.

ધી ડાયમન્ડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

સંવત ૧૯૭૦. આવૃત્તિ ૧ લી પ્રત ૬૫૦. સને ૧૯૧૪.

કીંમત અમુલ્ય.

ગુરૂ પ્રસંશા.

શ્રી સદ્‌ગુરૂજી સ્વામી મુક્તાનંદજી,
વેદ વેત્તા બ્રહ્મનીષ્ઠ આત્માનંદજી. ટેક.
સર્વગુણુ સાધન સંપન્ન, ઇંદ્રિજીત મહારાજ;
પતિતને પાવન કરતા, આપ છો ગરીબનીવાજ. શ્રી સદ્‌ગુરૂ. ૧
નિસ્પ્રેહી પરોપકારી, અક્રોધી અકામ;
સમતા સહિત કુતર્ક નિવારી, સ્થીર વૃત્તિ એકઠામ. શ્રી સદ્‌ગુરૂ. ૨
દેવ મૂર્તિ આ અવનિપર, ધન્ય એમનો અવતાર;
જીજ્ઞાસુના કલ્યાણુ કારક, ઉતારો ભવપાર. શ્રી સદ્‌ગુરૂ. ૩
આયુર્વેદના જ્ઞાતા પુરણુ, વૈદકમાં હોંશીયાર;
અધ્યાત્મ દુઃખ નિવારે, અંતરમાં નહિ ભાર. શ્રી સદ્‌ગુરૂ. ૪
ધર્મ ઉપર પ્રીતિ ઘણી, સંત સાધુ પોષણુહાર;
અર્થી પાછો જાવે નહી, જો આવે કોઈ દ્વાર. શ્રી સદ્‌ગુરૂ. ૫
ભગવદ્‌ગીતા રામાયણુ, આપી કરે સંતોની સેવ;
સમાન દૃષ્ટિ સૌપર સરખી, તે જાણે નીજ ભેવ. શ્રી સદ્‌ગુરૂ. ૬
હું થયો મોટો ભાગ્યશાળી, તેમના પ્રતાપે જાણુ;
બ્રહ્મ વિદ્યા આપી મુજને, ઉઘડી અનુભવ ખાણુ. શ્રી સદ્‌ગુરૂ. ૭
ગુરૂમંત્ર હરદમ સાધતાં, છુટે પ્રેમ પ્રભાવ;
હરતાં ફરતાં આણુંદ ઉપજે, છુટયો દેહભાવ. શ્રી સદ્‌ગુરૂ. ૮
ગુરૂ મહિમા અગમ અપાર, વરણી ન શકાય;
બેઉ કરજોડી દાસ સોમો, સદ્‌ગુરૂના જશ ગાય. શ્રી સદ્‌ગુરૂ. ૯

પ્રસ્તાવના.

મારા વહાલા પરમ પુજ્ય, સદ્દગુરૂ સ્વામી મુક્તાનંદના વચનામૃતનું પાન કર્યાથી, મારા અંતઃકર્ણ રૂપી ભૂમિકામાં જ્ઞાન રૂપી બગીચો ખીલવાથી, સોહં ફૂલ રાત દીવસ ઉતરવા લાગ્યાં, જેથી મેં પ્રેમવાણી ભજનમાળા ગુંથી. આ પ્રેમવાણી ભજન માળામાં જ્ઞાન ભક્તિ વૈરાગ્ય નીરૂપણ કરેલાં છે, આમાં અમુક ધર્મ સંબંધી નિંદા વગેરેનાં પદ નથી, પણ સામાન્ય રીતે સઘળાં નીતિ માર્ગને મળતાં પદ દાખલ કરવામાં આવ્યાં છે, તેથી સર્વ સજ્જનોને ઉપયોગી થઇ પડવા આશા રાખી શકાય છે, પ્રથમ મેં મારાં બનાવેલાં ભજન ઘણીક મુદ્દત સુધી ગાવાથી ઘણા હરીજનોને સંપૂર્ણ લાભ મળી શકયો નહિ, તેથી તેમને મારાં બનાવેલાં ભજન પુસ્તકના આકારમાં પ્રગટ કરવાની વારંવાર માગણી કરી, જેથી મારાં આજ સુધી બનાવેલાં ભજન, બે ભાગમાં લખાયાં છે, તેથી પ્રથમ પ્રેમવાણી ભજનમાળા એ નામનું લઘુ પુસ્તક પ્રગટ થયા પછી તેને ઉત્તેજન મળવાથી, આનો બીજો ભાગ પ્રગટ કરવામાં આવશે.

લી. કર્ત્તા.

સૂચના.

દોહરા.

જનુની જણે તો હરી ભક્ત જન, ક્યાં દાતાં ક્યાં શુર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવે નુર. ૧
ધર્મ સ્થાપન કારણે, પુરૂષાર્થમાં પહેલ;
ધન્ય અવતાર ધરણીપરે, તેને સરવે વસ્તુ સહેલ. ૨

ધર્મ ઉપર આસ્થા રાખનાર તથા પરમાર્થમાં પ્રીતી જોડનાર ધોબી ઇશ્વરદાસ ગોપાળ તથા મગનલાલ મોતીરામ, મંગળ રણછોડ અને મગનલાલ ગીરધર, આ સરવે મળીને ભજનનો સંગ્રહ કરાવી પરોપકારના અર્થે સરવે હરીજનો આગળ થઇને ધી ઇન્ડસ્ટ્રીયલ મીલના એન્જીનીયર સાહેબ શેઠ ફીરોજશા શહેરીઆરજી કાપડીઆ ભરૂચવાળાની પાસે આ હકીકત જાહેર કરતાં તેઉ સાહેબે આ લઘુ પુસ્તક છપાવામાં ઘણી મદદ આપવાથી છપાવી બહાર પાડવામા આવ્યું છે. તેથી તેઉ સાહેબનો ઘણો ઉપકાર માનું છું ને હું ઈશ્વર પાસે એજ માગું છું કે આવા પરોપકારી કામમાં એમની સદા નીરંતર વૃત્તિ કાયમ રહે. તથા આ પુસ્તકમાં ભાવસાર ત્રીકમલાલ કુબેરદાસે છપાવા માટે ઘણો પરિશ્રમ લીધો છે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે ને હું ઇશ્વર પાસે પણ એજ માગું છું કે તેમની ધારેલી ઇચ્છાઓ નિર્વિઘ્નપણે સંપૂર્ણ કરો.

સોમનાથ બલાખીદાસ–કર્તા.

હરીજનોનાં નામ.

સરસપુરનાં નામ.

લવાર જીવરામ રામચંદદાસ.
,, દલસુખ હરજીવન.
,, ખોડીદાસ દલસાભાઇ.
,, મથુરદાસ સાકલચંદ.
,, જુગલદાસ વહાલજી.
,, સાકળચંદ ગીરધરદાસ.
,, સોમનાથ નાગરદાસ.
ભાવસાર અમથાભાઇ બલાખીદાસ.
,, ગુલાબચંદ ત્રીભોવનદાસ.
પટેલ મગનલાલ હરીભાઇ.
ઠાકોર જુલાજી ભાઇજી.
સોલંકી છગનજી ગગાજી.
લવાર છગનલાલ રણછોડદાસ.
,, મગનલાલ ગંગારામ.
,, બલાખીદાસ નહાનશા.
,, અમથા મંગળદાસ.

શહેરનાં નામ.

લવાર ઇશ્વરદાસ બેચરદાસ.
,, કચરાભાઇ વહાલજી.
,, નાથાલાલ નરસિંહદાસ.
,, માધવદાસ રણછોડદાસ.
,, મોહનલાલ બેચરદાસ.
,, ઇશ્વરદાસ હીરાચંદ.
,, છગનલાલ આશારામ.
,, માધવજી મોતીરામ.
,, ત્રીકમદાસ નરોતમદાસ.
,, મોહનલાલ ખોડીદાસ.
,, બબલભાઇ વીસરામ.
,, જોઇતારામ મગનલાલ.
,, મોહનલાલ માધવજી.
દવે ચંદુલાલ હરીલાલ.
શાહ મગનલાલ કુંવરજી.
માલાજી કેતુજી.
બળવંતરાવ ભીંવુબા.
શંભુદાસ હીરાચંદ.
ઘાંચી છોટાલાલ ગોપાળ.

ભજનની અનુક્રમણિકા.

श्री गुरु गोविंदाय नमः

પ્રેમવાણી ભજનમાળા.

ભાગ ૧ લો.

દુહો.

શ્રી કૃષ્ણ પરમાત્મોવાચ—

સંસારમાં સરસો રહે, મન મારી પાસ;
સંસાર તો લોપે નહી, તે જાણું મારો દાસ.
અરજુન સુણો ગીતા સાર, પાંડવ માનજો નીરધાર. ૧

રાગ પ્રભાત.

પિંડ બ્રહ્માંડમાં એક તું આત્મા, પરમાત્મા પરિબ્રહ્મ નામ તારૂં;
નિર્ગુણ શિરગુણ તું થયો જાદવા, માંડણી માંડી તેં રમવા સારૂ. ૧
નંદ ઘેર જન્મીને ધર્મ સ્થાપન કર્યો, સંત સાધુ તણું કષ્ટ કાપ્યું;
અસુર સંહારીને ભોમિ ભાર ઉતારિને, દેવાદિકને સુખ તેં આપ્યું. ૨
ગોકુળમાં રહી ધેનુ ચારી ઘણી, અંગપર કાળી કામળિ ઓઢી;
વાટમાં રોકતો વ્રજની નારને, મહીં માંખણ ખાધાં માટ ફોડી. ૩
મથુરામાં જઇ મામો કંસ મારીયો, માસી પુતનાએ કપટ કીધું;
પયપાન કરતાં હાડ ચુશી શામળા, કુબજાનું રૂપ બનાવી દીધું ૪
ગોવાળ ભેળા રહી ગેડી દડે રમતા, દડુલો ફોટાવી જમુનામાં નાખ્યો;
કુદકો મારીને માંહે કુદી પડયા, પાતાળે જઇ કાળી નાગ નાથ્યો. ૫
વ્રજમાં રહીને લીલા તેં કરી, માત જસોદા બંધનમાં ન આવ્યો;

અનેક રસ ક્રિડા ભોગતે ભોગવ્યા, તોય કૃષ્ણ બાળબ્રહ્મચારી કહાવ્યો. ૬
સોળસેં ગોપીની વ્રેહવાળી વીઠુલા, ભોગવિલાસ તુને ન ભાવે;
નિરલેપ નિરાકાર અવિનાશી આતમા, કહે સોમો એમ વેદ ગાવે. ૭

પદ ૧—રાગ કાફી-ધીરાના પદનો.

રણછોડ રણ છોડાવેરે, જે કોઇ આવે શરણે તારા;
બુદ્ધાવતાર ધારીરે, બેઠો સરજનહારા. ટેક.
અકળ લીલા કળ્યામાં ન આવે, તારામાં દિસે નહી ખોડ;
મુનિવ્રત લઇ બિરાજ્યા, નામ ધરાવ્યું રાય રણછોડ.
પ્રેમને વશ થઇનેરે, મહી માંખણ ખાનારા. રણછોડ. ૧
બોડાણાપર મેહેર કરી, આવ્યા દ્વારકા છોડી ડાકોર;
સવા વાલ સોનાવાળી બરાબર, થયા નંદ કીશોર.
ગોમતીમાં રહ્યા છુપીરે, ગુગળીને પાછા વાળનારા. રણછોડ. ૨
જે જન તારે દ્વારે આવે, તેના પુરા કરો છો કોડ;
ભાવના અનુસાર ફળ આપો, ધન પુત્ર આદીની જોડ.
દુઃખ સહુનું ભાગોરે, ભકતોની વાહારે ચઢનારા. રણછોડ. ૩
સકળ સામગ્રી છે પ્રભુ તમ તણી, લેઇ અરપે છે સહુ કોય;
માંખણ સાકર મગસ તુળસી, પુલના હાર કહીએ સોય.
તમારૂં તમને અરપેરે, ક્રિયાનું ફળ દેનારા. રણછોડ. ૪
દાસ સોમાની અરજ ઉરમાં ધરજો, કરૂણા કરો કિરતાર;
તન મન ધન તમો આગળ છોડી, આવ્યો છું તમ દ્વાર.
હરી હાથ ઝાલોરે, દીનબંધુ દીન દયાળા. રણછોડ. ૫

પદ ૨--રાગ કાફી-ઉપરનો.

અરજ એક મારીરે, સાંભળજો છોગાળા;
શરણે તારે આવ્યો રે, શ્રી રણછોડ રૂપાળા. ટેક.

દરશનથી તમો દુઃખજ ભાગો, કાપો છો કષ્ટ અનેક;
ચોવીશ અવતાર ધર્યા અવનિપર, તમો તો એક ના એક;
અકળ તારી લીલારે, મધુરી મોરલી વાળા. અરજ. ૧
ગોકુળમાં રહી ગાયો ચારી, પીધી આહીરની છાશ;
મહિ માંખણનાં ગોરસ ઢોળ્યાં, માસી પુતનાનો કીધો નાશ.
ગોપીઓને ઘેલી કીધીરે, બંસરી બજાવનારા. અરજ. ૨
મોરલીમાં મોહ પમાડી, વ્રજવાસીનાં હરી લીધાં મન;
કામણગારા કામણકરીને, ઘેરઘેર ખાધાં મહી માંખણ.
રાસ લીલા રમીયારે, ગોવરધન તોળનારા. અરજ. ૩
ઈંદ્રરાજાને હરાવી લીધો, સંહાર્યા અસુર અ ાર;
નંદઘેર બાળક થઈને, બંધનમાં નાખ્યો કોઇ કાળ;
મામા કંસને માર્યોરે, કાળી નાગ નાથનારા. અરજ. ૪
અનેક ચરિત્ર તમારાં કહીએ, કહેતાં ન આવે પાર;
દાસ સોમો તો શરણે આવ્યો, તેની લેજો સંભાળ.
કરૂણાના સાગરરે, ઉતારોને ભવપારા. અરજ. ૫

પદ ૩--રાગ કાફી-ઉપરનો.

હેતે હરી આવોરે, જુઓ વાહાલા સામુ ફરી;
દયા દીલે લાવોરે, અરજ લેજો કાને ધરી. ટેક.
મોહન હુંતો તમને ભુલ્યો, ચઢયું માયાનું ઘેન;
ધન જોબનને સુત સુંદરીમાં, થઈ રહ્યો તદલેન.
જાગીને ન જોયુંરે, ખોયો હીરો હાથે કરી. હેતે હરી. ૧
ગર્ભવાસમાં કોલ કર્યો છે, જમને આપ્યા છે જમાન;
તે કરાર હું ભૂલી ગયો, હવે આવી સમજણને સાન.
કૃતઘ્નીના સામુંરે, જુઓ ભુધર ભાવ ધરિ. હેતે હરી. ૨

ઇશ્વર તમો છો દીન દયાળુ, લ્યો સેવકની સંભાળ;
કાળાગ્રહ રૂપી ભવસિંધુમાં બુડયો, ઉતારો ભવપાર.
દારૂણ દુઃખ દેખીરે, આવ્યો તન શરણે હરી. હેતે હરી. ૩
અપરાધીનો કંઈ ફંદ ન જોશો, કોરપા કરો નિધાન;
વિષયમાં મન ભમતું જ રહે છે, તેને પમાડો સ્થાન.
કામ ઘણો પીડેરે, બેસવા ન દે ઠામ ઠરી. હેતે હરી. ૪
કામ ક્રોધ મોહ લોભ એ, અસુર મહા બળવંત;
કાયા ઘટ ઘેરી લીધો, ભજવા ભૂલ્યો ભગવંત.
ભજન વિના ભવસિંધુરે, જવાશે કેમ તરી. હેતે હરી. ૫
હવે તો હરી હાથ ઝાલો, તમો ઉતારો તો ઉતરાય;
હું અનાથ તમો નાથ મારા, સુણો જાદવરાય.
દાસ સોમાનેરે, લ્યો પ્રભુ તમારો કરી. હેતે હરી. ૬

પદ ૪ થું-રાગ કાફી-ઉપરનો.

કાયારૂપી ડગલોરે, પહેરાવ્યો કીરતાર ધણી;
દામોદર દરજીનીરે, કહીયે વીરા અક્કલ ઘણી. ટેક.
ગજ કાતરણીવિના વેત કીધો, સોય ધાગાનું નહી કામ;
હાથ પગ વિનાનો દરજી, ત્રણલોકમાં જાહેર જેનું નામ.
સાંચા વગર શીવ્યોરે, સરસ કીધી ચાળવણી. કાયારૂપી. ૧
સાંધો તેનો હાથ ન આવે, નવસેં નાડી તાર તણાય;
મુખ ખીસુ અસલ બનાવ્યું, તેમાં અન્નઉદક ભરાય.
કંઠ કલર મુકયુંરે, શોભા પાંચ કાપ તણી. કાયા. ૨
પચીસ કળીનો ઘેર કીધો, ડબલ બખીઆ ભરાય;
નખશીખ સુધી પેહેરાવ્યો, અજબ ડગલો સોહાય.
પ્રાણધારી જીવેરે, મારો ડગલો લીધો માની. કાયા. ૩

કાયા ડગલો દેખી દેખી, મુરખ મન હરખાય;
તેલ ફુલેલ સુગંધી સારી, નીત્ય અંગ પર લગાય.
ચામડાને જોઇ મોહ્યારે, પળમાં થાશે ધુળધાણી. કાયા. ૪
કાચા કુંભમાં નીર ન રહે, તરતજ ફુટી જાય;
જોબન લટકું ચાર દિવસનું, અંતે ફજેતી થાય.
મરણુ ઘાટી વસમીરે, કાળ કરાળ તણી. કાયા. ૫
હાડ માંસનો કાયા ડગલો, તેનો ન ધરિયે અહંકાર;
તન મન અંતરજામીને અરપી, ઉતારો શીરનો ભાર.
દાસ સોમો કહે છેરે, સુરતા રાખો હરિ ભણી. કાયા. ૬

પદ ૫—રાગ કાફી-ઉપરનો.

વાહારે મારી ધાજોરે, હજાર હાથવાળા ધણી;
બાનાની પત રાખોરે, ભાવે ભાળો ભકતો ભણી. ટેક.
અનેક દ્વાર છોડીને, હું આવ્યો છું તમારે દ્વાર;
બાંહે ગ્રહ્યાની લાજ રાખો, હરજી દીન દયાળ.
મુજને એક તમારીરે, અંતરજામી આશ ઘણી. વાહારે. ૧
પ્રલ્હાદની તમે પ્રતમા પાળી, ધરી નરસિંહ રૂપ;
થંભ ફોડીને પ્રગટયા નરહરી, ત્યારે થરથર કંપ્યો ભૂપ.
હરણ્યાકશ્યપને નાખ્યોરે, વાલા મારા હાથે હણી. વહારે. ૨
નરસિંહ મેહેતાની હુંડી શીકારી, લેઇ શામળશાનું રૂપ;
રોકડા રૂપીઆ ગણીને આપ્યા, તારી અગમ ગતી અનૂપ.
ચીર પુરયાં જાદવારે, પ્રતિજ્ઞા પાળી દ્રુપદી તણી. વાહારે. ૩
સુદામાના તાંદુળ આરોગ્યા ભાવે, મિત્રનું ભાગ્યું દુઃખ;
ઝુંપડીને ઠેકાણે મેહેલ બનાવ્યો, આપ્યું અલૌકીક સુખ.
દારિદ્ર કાઢી નાખ્યુંરે, દયા જાણી રંક તણી. વાહારે. ૪

તારા દરબારમાં ખોટ છે શાની, લક્ષ્મિ તણા ભરથાર;
મને આપતાં કેમ સંકોચ આવે, નાથ શાને લગાડો વાર;
તલ ભાર દેવું તેમાંરે, ઠીંગલમલ ધીંગા ધણી. વાહારે. ૫
ત્રણ લોકનો તું ભૂપ કહાવે, સૌનો પાલણ હાર;
મન વાંછીત ફળ સૌને આપે, જીવણ જગદાધાર;
દાસ સોમાની અરજીરે, ઉરમાં લ્યો કીરતાર ધણી. વાહારે. ૬

પદ ૬ ઠું—રાગ કાફી–ઉપરનો.

પ્રિત્યો તમ સાથેરે, નાથ મારા મને ઘણી;
અવરને છોડીરે, ધાર્યા મેં તો તમને ધણી. ટેક.
હું અનાથ તમો નાથ કહાવો, સાંભળજો જદુરાય;
અલ્પજ્ઞ હું તો કહાવું, તમો સર્વજ્ઞ છો મહારાય.
હરીવર સામું જુઓરે, વાલા મારા રંક ભણી. પ્રિત્યો. ૧
હું તો પતિત તમો પાવન, ગુણ ભર્યા મહારાજ;
અનેક અવગુણ મુજમાં ભરીયા, આપ છો ગરીબનવાજ.
પાપીને કરો પાવનરે, માફી માગું દોષ તણી. પ્રિત્યો. ૨
પાપ કરતાં પાછું ના જોયું, આખી ઉમ્મર ગાળી એમ;
ધ્યાન સમરણ તારૂં નવ કીધું, હૃદેમાં ન વાધ્યો પ્રેમ.
કરૂણાના સાગરરે, ના જોશો મારા કૃત્યો ભણી. પ્રિત્યો. ૩
અંતરજામી અલબેલા છેલા, જગતતણા પ્રતિપાળ;
અનેક પાપીને તમે ઓધાર્યા, હરિ મારો હાથ ઝાલ.
સગો તું તો સાચોરે, આશા તારા નામ તણી. પ્રિત્યો. ૪
ભરોંસો વિશ્વંભર આવ્યો તારો, મને મારા નાથ;
દુઃખ સંકટ ટાળો મારાં, હું છું અપરાધી અનાથ.
લજ્યા મારી રાખોરે, પત જાશે બાના તણી. પ્રિત્યો. ૫

બાનાનું બિરદ સંભાળો, નહિ તો જાશે તમારી લાજ;
ભક્ત વત્સલ તું કહાવે, અનેક ભકતોનાં કીધાં કાજ.
દાસ સોમો કહે છેરે, સંકટ મારાં નાખો હણી. પ્રિત્યો. ૬

પદ ૭ મું-રાગ કાફી-ઉપરનો.

સમજ મન મારા રે, સમરી લે તું તો શ્રીહરી;
પામ્યો મનુષ્યા દેહીરે, આ અવસર નાવે ફરી. ટેક.
માતપિતા ને કુટુંબ કબીલો, એ સ્વારથનું સૌ કોય;
અંતસમે કોઇ કામ ન આવે, તું વિચારીને મન જોય.
તારે જાવું એકલાંરે, માની લે તું વાત ખરી. સમજ. ૧
ધન જોબન ને સુત સુંદરીમાં, પ્રોવાયું છે તારૂં ચિત્ત;
કાળના ગ્રાસમાં સરવે જવાનું, તેને માની બેઠો તું નિત્ય.
નિત્યપદ ના જાણ્યુંરે, માણ્યું માયીક સુખ સાચું કરી. સમજ.૨
માયાનું સુખ સરવે કાચું, જેમ વાદળ છાયાના રંગ;
કાયા કાચો કુંભ છે, તે ક્ષણમાં થઇ જાશે ભંગ.
મમતા દે મેહેલીરે, સત્સંગ કર ભાવ ધરી. સમજ. ૩
સંત મળે તો સેજે તારે, ઓળખાય નીજ સ્વરૂપ;
જ્ઞાન ગરિબાઈ શીલ સંતોષ આવે, એ ભક્તિનું રૂપ.
આપ સહિત દેખોરે, સચરાચરમાં હરીરે હરી. સમજ. ૪
સદગુરૂ સ્વામી મુક્તાનંદ મળિયા, આપ્યું નીજ જ્ઞાન;
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળ્યું દેહાભિમાન.
દાસ સોમો કહે છે રે, કિરતારે તો કરૂણા કરી. સમજ. ૫

પદ ૮ મું.—રાગ કાફી-ઉપરનો.

હવે તો નહિ મુકુંરે, શિર સાટે લીધા શ્રી હરી;
રસબસ થઈ છુંરે, રસિયા સંગાથે રસ ભરી. ટેક.

અગ્નિ સામાં ડગલાં ભરવાં, કેસરી સાથે ભરવી છે બાથ;
સિંહણના દૂધનું પાન કરવું, એવો છે સદ્દગુરૂનો સાથ.
અધિકારી વિનારે, રૂદિયામાં રસ રહે ના ઠરી. હવે તો. ૧
ખરને તો જોઇએ ખડ ખાવા, ખીર તે તો નવ ખાય;
બગ તો કહીએ મીનનો આહારી, શ્વાનનું હાડકે મન જાય.
હંસની ગતી હંસજરે, ચારો લે મોતીનો ચરી. હવે તો. ૨
તન મન ધન તુચ્છ કરી જાણ્યાં, એવા શૂરા સંત જન;
ચાર દિશા ને ચૌદ ભૂવનમાં, વાળી લીધું જેણે મન.
તે તો ના ડોલેરે, આશા તૃષ્ણામાં જરી. હવે તો. ૩
કાયર હતા તે પાછા પડયા, સનમુખ થયા શૂર;
ડરના સામાં ડગલાં ભરી, બાળ્યાં કામ ક્રોધનાં મૂળ.
કર્મના પાશ કાપ્યારે, મોહ મમતા ગઇ મરી. હવે તો. ૪
શિરના સાટે મોંઘી વસ્તુ, મરજીવા લેવે વિચાર;
અમર પ્યાલો સદ્દગુરૂએ પાયો, રોમ રોમ રણંકાર.
દાસ સોમો કહે છેરે, પીધો મેં તો ભાવ ધરી. હવે તો. ૫

પદ ૯ મું—રાગ કાફી–ઉપરનો.

મન મારૂં મોહ્યુંરે, નિત્ય સોહં રામ રટે;
હરતાં ને ફરતાં રે, કું વારાતો પ્રેમ ના છુટે. ટેક.
પુરણ પ્રીત પ્રભુ સાથે જોડી, છોડી જગતની ચાલ;
દેહ સંબંધનો સંગ પરહરી, ધર્યું આત્મ સાથે વહાલ.
પ્રેમની ગાંઠ પડીરે, તોડીએ તો નવ તુટે. મન મારૂં. ૧
પુરવ જનમની પ્રીત્યે મળિયા, લખિયા અમારા લેખ;
આપ એકલા બહુ નામી, ધર્યા છે વિધવિધના ભેખ.
નૈણાં ભરી નિરખ્યારે, હરિ ઉભા વાટે ઘાટે. મન મારૂં. ૨

હાલતા ચાલતા રમતા જમતા, જોયા મેં તો જુગદીશ;
ચૌદ ભુવનમાં છુટા રમે છે, સકળ ઇશનારે ઇશ.
અકળિત બાજી છાઇરે, અવિનાશી નટવર નટે. મન મારૂં. ૩
પ્રેમની તો ચઢી ખુમારી, ઉરમાં છાયો ઉમંગ;
રંગ લાગ્યો નીજ નામનો, ન ગમે અવરનો સંગ.
મગ્ન થઇને મહાલુંરે, પિઉ પ્રેમ રસ ઘુંટે ઘુંટે. મન મારૂં. ૪
પ્રેમના પ્યાસી ભાવના ભોગી, હરી છે હાજરા હજુર;
અણુ ઠામ ઠાલો ના દિસે, બ્રહ્મ ભરી રહ્યા ભરપુર.
દાસ સોમો કહે છેરે, જમડા તો હવે ના લુંટે. મન મારૂં. ૫

પદ ૧૦ મું—રાગ કાફી-ઉપરનો.

દુનિયાં નથી દિવાનીરે, બ્રહ્માનંદ ભલે પુજે;
પુજન કર્યા વિનારે, સરજનહારો નવ સુજે. ટેક.
રામા અવતારમાં રામે કીધું, સ્વેતબંધુ રામેશ્વરનું સ્થાપન;
ચાર ધામ એણીપેરે બંધાયા, સૌ કરવા જાય છે દર્શન.
કાશીમાં વિશ્વનાથરે, ડાકોરમાં ઠાકોર બિરાજે. દુનિયાં. ૧
ગંગા સ્નાન ઇશ્વર સ્મરણથી, અનેક પ્રાશ્ચિત જાય;
નિસ્કામ કર્મ કર્યાથી, અંતઃકરણનો મળદોષ દૂર થાય.
વર્ણાશ્રમમાં રહીનેરે, નિત્ય શુભ કર્મ કીજે. દુનિયાં. ૨
આરતી અર્થી જીજ્ઞાસુ જ્ઞાની, ચાર પ્રકારના ભક્ત કહેવાય;
અધિકાર અનુસાર ઉપદેશ સૌને, શ્રુતિ સ્મૃતિ ગાય.
ત્રણ કાંડ રચીયારે, ગીતા માંહે કહ્યું છે જે. દુનિયાં. ૩
ચળ અચળ બે સ્વરૂપ પ્રભુનાં, મૂરતી અચળ રૂપ કહેવાય;
સંત સાધુ ચળરૂપ જાણો, એમ કહે શ્રીકૃષ્ણ સમજાય.
અભિમાને નિંદેરે, સદ્ગુરૂને ના બુજે. દુનિયાં. ૪

સદ્‌ગુરૂને સેવ્યા વિના, ન આવે વિવેક વિચાર;
મહા પુરૂષના શ્રેષ્ઠ આચારને, નિંદતાં ન ડરે લગાર.
સોમા શ્રદ્ધા રાખેરે, હોય સમદ્રષ્ટિ સમજુ જે. દુનિયાં. ૫

પદ ૧૧ મું.–રાગ કાફી ઉપરનો.

વાડા તો છે સારારે, વાડાથી પ્રાણી વશ રહે છે;
આચાર્ય વિનારે, કુકર્મ ઘણાં આચરે છે. ટેક.
હરાયાં ઢોર તે રસ્તે ન ચાલે, જૈ ખેતર પરાયાં ખાય;
અભિમાની પાડો મકલાતો હીંડે, વંઠેલો વંઠી જાય.
કોટમાં હોય ડેરોરે, તો ડરતો ડરતો હાલે છે. વાડા તો. ૧
કળિજુગમાં પંથ અનેક થયા છે, ભેખધારીના અપાર;
ખેંચાતાણુ મતો મતની પેઠી, સૌનો એક છે સરજનહાર.
એકને રહેજે વળગીરે, તે સહેજે પાર પડે છે. વાડા તો. ૨
જપતપ તીરથ નિષ્ફળ ન કહિયે, તે વડે પૂન્યદાન થાય;
ગંગાસ્નાન હરિ સ્મરણ કરી, સંત સાધુને પોષાય.
ભાવનાનું ફળજરે, ઇશ્વર સૌને આપે છે. વાડા તો. ૩
શુદ્ધ ભાવથી મૂર્તિમાં મન પરોવી, જો કરે નિરંતર સેવ;
ચૈતન્ય વ્યાપક સચરાચર ભરિયો, ઘટઘટની જાણે છે દેવ.
મુરતિમાં પ્રભુ વશિયારે, જુઓ થંભમાં પ્રગટયા છે. વાડા તો. ૪
શુદ્ધ ભાવે પ્રલ્હાદજી રામ ભજતા, દ્રઢ રાખી વિશ્વાસ;
તાતા થંભે બાથ ભરાવી, મનમાં પામ્યા નહિ ત્રાસ.
ભક્ત તો તેને કહિએરે, ભક્તિ તો શીર સાટે છે. વાડા તો. ૫
પ્રેમને વશ છે વિશ્વંભર, ભકતોની અહોનીશ લે સંભાળ;
હરિને ભજે તે હરિમાં સમાશે, એમ કહ્યું શ્રીકૃષ્ણ કિરતાર.
સૌ હરિજનનોરે, દાસનો દાસ સોમો છે. વાડા તો. ૬

પદ ૧૨ મું—રાગ કાફી-ઉપરનો.

પ્રશ્ન એક પુછું રે, સાંભળજો અનુભવિયા;
શંકા મારી ટાળોરે, અદ્વૈતના ઉપાશિયા. ટેક.
રામ ભજન પ્રલ્હાદજી કર્તા, પિતાએ દીધું મહા દુઃખ;
તાતા થંભે બાથ ભરાવી, હરિયે જોયું સનમુખ.
હિરણ્યકશિપુ માર્યોરે, થંભમાંથી કોણ પ્રગટિયા. પ્રશ્ન. ૧
બાઇ મીરાં કયાં ભણુવા ગયાંતાં, શાસ્ત્ર પુરાણ કે વેદાંત;
પ્રેમની લગનીમાં ગિરિધરવર સાથે, હુતી ઘણેરી ખાંત.
રાણો જ્યારે કોપ્યોરે, વાહારે તેની કોણ ધાયા. પ્રશ્ન. ૨
કુંવરબાઈનાં પુર્યાં માંમેરાં, શામળશા પરણાવ્યો બહુ પેર;
મધરાતે કેદારો લાવ્યા, નરસૈં ઉપર અતિઘણી મેહેર.
હુંડી તો શીકારીરે, હાર કોણે પહેરાવ્યા. પ્રશ્ન. ૩
રોહિદાસની પાત્રી લીધી, હાથે ત્રિભુવન નાથ;
દ્વારકાં છોડી ડાકોર આવ્યા, બોડાણાની સાથ.
સવા વાલ વાળીરે, બરાબર કોણ થયા. પ્રશ્ન. ૪
સહસ્ત્ર નામ વિષ્ણુનાં પડિયાં, કહાવે ચોવિશી અવતાર;
દેવાદિકને સુખ આપ્યું, અસુરનો કીધો સંહાર.
નિરગુણ જ્યારે હતારે, ગુણ શેમાં દેખાયા. પ્રશ્ન. ૫
નામરૂપ ગુણ નાશ કહાવે, અનામી કોણ કહેવાય;
નામનું તો સૌ ભજન કરે છે, તે એકલા મનથી ન સમજાય.
દાસ સોમો કહે છેરે, સમજાવો ગુરૂ રાયા. પ્રશ્ન. ૬

પદ ૧૩ મું—રાગ કાફી-ઉપરનો.

રણછોડ તેને કહીએરે, ભવરણ છોડાવે;
સદગુરૂ તે સાચારે, અમ્મર વસ્તુ પરખાવે. ટેક.

ભવ સંસારનું ભટકણુ ભાગે, કરાવે તૃષ્ણાનો ત્યાગ;
સંશય સઘળા છેદન કરે, મટાડે મનના દ્વેષ રાગ.
ભેદ ભ્રાન્તી ભાગેરે, પ્યાલો અદ્વૈત પાવે. રણુછોડ. ૧
ત્રિવિધ તનના તાપ બૂઝાવે, આપે સોહં નીજ નામ;
હરખ શોક ને કામ ન વ્યાપે, રમે થઇને રામ.
દિલની દુગધા ટાળેરે, અંતર પ્રેમ ઉભરાવે. રણુછોડ. ૨
સુરતા આત્મ સંગે રહેવે, નિરભે પટા લખાય;
જરા મરણનો ભય નિવારે, ચંચળ મન સ્થિર થાય.
જીવતાં જીવન મુક્તિરે, જુક્તિ કરી સમજાવે. રણુછોડ. ૩
શાસ્ત્ર મારગની સાન બતાવે, ઉર લાલચ નહીં લગાર;
નિસ્પૃહા પર ઉપકારી, મહા અનુભવના ભંડાર.
દાસ સોમો કહે છે રે, તે સંત મારે મન ભાવે. રણુછોડ. ૪

પદ ૨૪ મું—રાગ કાફી.

અંતરજામી લેજોરે, અરજી મારી સ્વીકારી;
હું તો એક માગુંરે, ભુધર સદા ભક્તિ તારી. ટેક.
અલ્પ આયુષ્યમાં હું શું માગું, દેહનો નહિ ભરૂંસો લગાર.
રાજ પાટ ને હુકમ ઠકરાઇ, ન માગું હું જગદાધાર.
સ્વર્ગ ભોગ ન જોઇએરે, ભક્તિનો હું છું ભીખારી. અંતર૦ ૧
ધન ધામ સુત દારા ન માગું, ન માગું જગમાં માન;
ચાર લોકને જાચું નહી, સુણો કરૂણાસાગર કાન.
મુક્તિને ન ઇચ્છુંરે, એતો છે દાસી તારી. અંતર૦ ૨
હીરા પન્ના માણેક મોતી, જગતમાં જાહેર છે જાણ;
કથીર સરખાં હુંતો જાણું, ન માગું સુવર્ણની ખાણ,
દેવતાનું સુખ ન માગુંરે, સત્ય વચન કહું છું ઉચ્ચારી. અં૦ ૩

નવ ખંડ ને ચૌદ બ્રહ્માંડ, મારે મન તરણા સમાન;
એટલું માગું હું વાલા મારા, આપો સર્વોત્તમ જ્ઞાન.
દાસ સોમો કહે છેરે, જયાં જોયું ત્યાં વનમાળી. અં૦ ૪

પદ ૧૫ મું—રાગ કાફી.

વાડામાંથી વંઠયોરે, એને કોઇ ધીરો રખે;
હું તો થયો અળગોરે, પરમાહીઓના દુઃખે. ટેક.
ગાય ભેંસને અજા ઇત્યાદિક, પશુ એ રૂડી પેર;
વાઘ સરખા પણ વાડે પુર્યા, ગાયકવાડને ઘેર.
પણ શું કરે પુરીને રે, શ્વાન ભુંડ ભુંડું ભખે. વાડા૦ ૧
હસ્તી ઉંટ ને બહુ પશુઓ, અપરંપાર અપાર;
ગર્ધવ ઉપરથી ગુણ લઇ, નીરે ગમાણમાં ચાર.
એનાથી ભુંડોરે, ના આવે ખર પશુ પખે. વાડામાંથી. ૨
શુક મેનાંને સારસ પંખી, તેતરનો શો તોલ;
તે પણ બેઠા જુઓ પાંજરે, બોલે મન ગમતા બોલ.
પરને પીડા કરનારોરે, કાગ કોણ પાળી શકે. વાડામાંથી. ૩
મુરખ મનથી મારે ગપાટા, વણ સમજે કરે વાદ;
શાસ્ત્ર મારગની સાન બતાવે, રાખે ધર્મ મરજાદ.
તેને ધન્ય માનુંરે, જીત્યો તે મનુષ્ય મનખે. વાડામાંથી. ૫
શુકદેવ સરખા જોગી, તેણે લહ્યું ગર્ભવાસમાં જ્ઞાન;
પરીક્ષતને પાર પહોંચાડયા, કીધી શાસ્ત્ર માર્ગની સાન.
એ પ્રેમજ્ઞાન મારગરે, પુરાણોમાં શીદ લખે. વાડામાંથી. ૬
નાક કટ્ટાની નાતમાં ભળ્યા, ત્યારે મેલું થઇ ગયું મન;
એવા થકી હારીને, જુદો થયો જગજીવન.
હરીની બીક ધારોરે, હરિજન હાલો હકે. વાડામાંથી. ૭

પદ ૧૬ મું—રાગ કાફી.

પ્રશ્ન એક પુછું રે, વેદ વેત્તા બ્રહ્મ જ્ઞાની;
માયા ક્યાંથી ઉપનીરે, રચી કોણે ચાર ખાણી. ટેક.
પ્રકૃતિ આદિ જડ કહાવે, જડથી કાંઇ ન થાય;
ચૈતન કશું કરતા નથી, એમ શ્રુતિ સ્મૃતિ ગાય.
કરતા કહીએ કોનેરે, ઉત્તર કરો પરમાણી. પ્રશ્ન. ૧
કારણમાંથી થયાં સૌ કારજ, બ્રહ્મા વિષ્ણુને મહેશ;
વેદ ઇશ્વર અધસ્ત ગવાય છે, અવિનાશી પદ રહે શેષ,
શેષમાં નથી ક્રિયારે, એમ વદે વેદ વાણી. પ્રશ્ન. ૨
કર્તા ભોક્તા કોને કહીએ, ને ફળ દાતા કોણ કહેવાય,
પુન્ય પાપ સૌ પ્રાણી કરે છે, તે કયાં રહીને ભોગવાય.
ઊચ નીચ દિસેરે, સમદ્રષ્ટી છે વિભુતણી. પ્રશ્ન. ૩
ત્રણ કાળમાં જગત નથી, ભાખ્યું વશિષ્ટ મુનિરાય;
જગ કલ્યાણ અરથે, રામચંદ્રને દીધું જ્ઞાન કરાય.
બ્રહ્મ એક સત્યજરે, જગત મિથ્યા લ્યો જાણી. પ્રશ્ન. ૪
વસ્તુ સત્ય એકજ છે, અવર નથી બીજું કોય;
ત્યારે ગુરૂ શિષ્ય કોણ થયા, કહે ગુરૂ વિના મુક્તિ ન હોય.
બંધ શામાં રહ્યો છેરે, કહે જો પંડીત પુરાણી. પ્રશ્ન. ૫
આત્મમાં બંધ મોક્ષ નથી, મન સ્વતઃ જડ કહેવાય;
આવાગમન કોણ કરે છે, દેહમાં કલ્યાણ કોનું થાય.
ભજન કોનું કરવુંરે, કોને કહેવા ઇષ્ટ ધણી. પ્રશ્ન. ૬
આત્માનો રૂપરંગ કેવો છે, તે સમજાવી કહોને મોય;
સ્વયં જ્યોતિ વિના ઠામ નહી ઠાલો, શ્રુતિ કહે સત્ય સોય.
પર પ્રકાશ વિનારે, વસ્તુ કેમ ન જણાણી. પ્રશ્ન. ૭

ચંદ્રા સૂરજને દિપક વિના, કશુંએ ન દેખાય;
ભોગ પદાર્થ હાથ ન આવે, અંધારે અથડાય.
દાસ સોમો કહે છેરે, શંકા ટાળો શિષ્ય તણી. પ્રશ્ન. ૮

પદ ૧–રાગ (આત્માતો એક છે રે)-એ રાગ.

પ્રાણી તમે પ્રીછજોરે, આવ્યો મનુષ્યા જનમ અવતારજી;
સદ્‌ગુરૂને શરણે રહીને, ઓળખો જગ કીરતાર. પ્રાણી. ૧
શુભાશુભ નિજ કર્મે કરી, બંધાયો છે પિંડજી;
દેવદાનવ પશુપક્ષી, એમ અખિલ બ્રહ્માંડ. પ્રાણી. ૨
સુખ દુઃખ છે પિંડનું, માટે તેનો ન ધરવો રોષજી;
કર્યા કર્મ ભોગવવાં, એમાં ઇશ્વરનો શો દોષ. પ્રાણી. ૩
સમદ્રષ્ટિ છે વિભુ તણી તમે, વિચારી જુઓને મનજી;
વર્ષા વર્ષે સઘળે સરખી, કંઇ પાકે ન પાકે અંન. પ્રાણી. ૪
બી રહ્યું હોય ત્યાં લગી. સેજે ઉગે ને અલપાયજી;
પાવક લાગ્યા વિના તેની, જડ મૂળ ન જાય. પ્રાણી. ૫
શાસ્ત્ર અનુસાર કરે જો, પુરૂષાર્થમાં પેહેલજી;
ગુરૂગમ જ્ઞાન વડે પુર્વે, સંચિત કર્મને ઠેલ. - પ્રાણી. ૬
અહંકૃતી ત્યાગી કરે, નિત્ય નૈમિતિક કર્મ જંલજી;
પાદકને જળ પરસે નહિ, આવે અવિદ્યા કાર્યનો અંત. પ્રાણી. ૭
પુરા સદ્દગુરૂ સંતમળે, ત્યારે ઉઘડે અનુભવ આંખજી;
કહે સોમો ઉડી આકાશ જાવે, આવે જ્ઞાન વૈરાગ્યની પાંખ. પ્રાણી. ૮

પદ ૨ જું—રાગ ઉપરનો.

હશે કોઇ અનુભવીરે, કરે આતમ સાથે સ્નેહજી;
આપ સદા ન્યારા રહેવે, જાણી મિથ્યા દેહ. હશે૦ ૧
કૃત્ય સઘળાં દેહનાં તેના, સામું તે ન જોયજી;

બીજક બાળે બ્રહ્મ અગ્નિમાં, દ્વૈત ભાવ ન હોય. હરી૦ ૨
પાપ તેને પરસે નહિ, નિત્ય જ્ઞાન ગંગમાં નહાયજી;
અહોનીશ કમળો જળમાં રહેતાં, લેપ કણુ ન થાય. હરી૦ ૩
કુંભાર ઘડો ઉતારી લે, તોય ચાક ફરે જેમ ફેરજી;
તીર છુટી ગયું હાથથી, પાછું વાળ્યું ન આવે ઘેર. હરી૦ ૪
જીવન મુક્તા જગમાં રમે, જેમ અનળ આકાશજી;
ચિત્ત ચૈતન્યમય રહે શરીર, ભોગે સંસાર વિલાસ. હરી૦ ૫
શેશ પ્રારબ્ધ કર્મ વડે, કરે ભ્રમણ પિંડ બ્રહ્માંડજી;
ક્રિયા કરતા લોક દેખે, દુરમતિયા મતિ મંદ. હરી૦ ૬
નિંદા સ્તુતિ જે કરે તેનાં, પુણ્ય પાપ ફળ લેતજી;
રાગ દ્વેષી જન તેને, શુદ્ધ કરી તે દેત. હરી૦ ૭
કદાપી ચંડાળ ઘરમાં જો, સંતનો પિંડ પડી જાયજી;
કહે સોમો સદા મુક્ત છે, એમ વેદ શ્રુતિ ગાય. હરી૦ ૮

પદ ૩ જું-રાગ ઉપરનો.

નહીં તેને શું નિંદીએરે, રહીએ નીજ અનુભવ માંયજી;
ઇંદ્રજાળવત જગત છે, નજરે કરી દેખાય જે કાંય. નહી ૧
સ્વપ્નામાં જેમ કાશી દરસે. દેવને દવારજી;
જાગી જોતાં કાંઇ ન દિસે, કાશીકે કેદાર નહીં. ૨
નજરબંધી મદારી કરે, તે ચામમાં સાપ દેખાયજી;
ભુજંગ દેખી લોક નાસે, જાણે હમણાં ખાવા ધાય. નહીં. ૩
જંબુરાને મન જેવરી, નિત્ય કરે જોગીનો સંગજી;
હાથે ઝાલીને કોટે વળગાડે, તેને વિષ ન વ્યાપે અંગ. નહીં. ૪
ઠીકરાનો કરે રૂપીઓ, સૌ જુવે નરને નારજી;
પીકચર નાટકના ખેલ જેવો, આ સઘળો છે સંસાર. નહીં ૫

એકનો અનેક થઇને માંડી, રમત રમવા રામજી;
આપે સેવકને આપે સ્વામી, વચે જગત કલ્પ્યું નામ. નહીં. ૬
સુરજમાં જેમ કિરણો રહે છે, પ્રતિબિંબ પડે જળ માંયજી;
તેમ ચૈતન્ય ઘન સૌના વિષે, પટ તંતુથી ન્યારો નોય. નહીં. ૭
બહાર ભિતર સઘળે સરખો, અણુ ઠાલો નહીં ઠામજી;
જગતતે જુગદીશ રૂપ છે, અખંડ પુર્ણાનંદનું ધામ. નહીં. ૮
હું તું ને તે ટળે, ત્યારે અદ્વૈત થઇ રહેવાયજી;
કહે સોમો જેમનો તેમ સદા, વાણીથી ન કહેવાય. નહીં. ૯

પદ ૪ થું—રાગ ઉપરનો.

સ્વેપદ જાણીયોરે, બોલે બોલણુ હારજી;
અણુછતો તે છતો થયા, જયારે હુંની કાઢી ભાળ. સ્વે૦ ૧
હું તું ને તે ટળ્યો, ઠર્યો અદ્વૈત આપો આપજી;
હું ખોવાણો આપમાં, ત્યારે સઘળે દેખ્યો વ્યાપ. સ્વે૦ ૨
વાજું જેમ વગાડયું વાગે, નાદ વાજા અનુસાર હોયજી;
પ્રેરક પ્રેરણા વડે બોલે, જડ વપુ વાજું જોય. સ્વે૦ ૩
બ્રહ્મ સાગર ભરપુર ભરયો, તેમાં પરપોટો છે સ્થુલજી;
મથન કરતાં હાથ લાધ્યું, રામ રતન અમૂલ્ય. સ્વે૦ ૪
નિરાકાર નિરલેપ ચૈતન્ય, નિરગુણ નિરાધારજી;
તે પદ પોતે પ્રિછતાં, બાવન અક્ષરથી બહાર. સ્વે૦ ૫
મન બુદ્ધિ ચિત્ત અહંકાર તણો, સાક્ષી એ કહેવાયજી;
પાંચ કોશ પર આત્મા, અનુભવથી ઓળખાયજી. સ્વે૦ ૬
જાગૃત સ્વપ્ન સુષુપ્તી નહિ, તુરીયા મુજ માંયજી;
તુરીયાતીત નિર્વિકલ્પ સદા, જેમનો તેમ હોય. સ્વે૦ ૭
વેદ પુરાણ પહોંચે નહિ, પામે મનવાણી વિરામજી;
કહે સોમો ન ગ્રહે ન ત્યાગે, સો મોક્ષ પદ ધામ. સ્વે૦ ૮

પદ ૫ મું—રાગ ઉપરનો.

હક્ક છે તુજમાં રે, લહો શીરના સાટે બ્રહ્મજી;
અંતરવૃત્તિ કરીજો, સોહં ઉઠે દમપર દમ. હક્ક છે. ૧
તારૂં સુખ છે તુજમાં, બહાર સુખ લેવા કયાં ધાયજી;
મૃગ તનમાં કસ્તુરી પણ, વનોવન ભટકાય. હક્ક છે. ૨
વિષય વૃત્તિના અંતરે, અવરાયો અનિતજી;
પોતાને ગયો વિસરી, જઇ પરશું કીધી પ્રીત. હક્ક છે. ૩
કાચ સદનમાં શ્વાન પેઠું, દેખી પોતાની છાંયજી;
સામું કુકર દેખીને, ભશી થાકયો તેની માંય. હક્ક છે. ૪
એવું જગત બધું જાણવું, ગુરૂ વિના જ્ઞાન ન થાયજી;
નિજ દેહાભિમાને કરીને, ઉપજે ને વણશે જાય. હક્ક છે. ૫
ભેદવાદી ભરવાડે વન સિંહ, બાળને નાંખ્યો પાશજી;
અજા સંગે વાડામાં પુરતાં, પડયો અજાનો અધ્યાસ. હક્ક છે. ૬
મોટા સિંહે સ્વરૂપ લખાવ્યું, ત્યારે આવી મનમાં ધીરજી;
અજા લાગી નાસવા, ઘુઘવાટો કીધો સિંહ વીર. હક્ક છે. ૭
વેદ વેત્તા બ્રહ્મનીષ્ટ, નિસ્પૃહા હોય કોઇ સંતજી;
કહે સોમો તેના સંગથી, સેહેજે થાય શિવ રૂપ જંત. હક્કછે. ૮

પદ ૬ ઠું—રાગ ઉપરનો.

મનુષ્યાદેહ આવિયોરે, ભાઇઓ કરો નિજનો શોધજી;
સત્ય સંગત કરી લેવો, સદગુરૂનો બોધ. મનુષ્યાદેહ. ૧
એક તું છે એક તું છે, એમ વદે સૌ કોયજી;
કોણ હું હું કયાંથી આવ્યો, કયાં પિંડ પડે જાવું મોય. મનુષ્યાદેહ. ૨
જડ કને જઇ અહોનિશ જાચે, દુઃખ ન જાવે લેશજી;
મન શુદ્ધ નિરાશ થયા વિના, ન મટે ઉરથી કલેશ. મનુષ્યાદેહ. ૩

મડશઠ તીરથ વ્રત્ત કરે, મન ઠરી ન બેસે ઠામજી;
.ંગા ગોમતીમાં નિત્ય નહાએ, ન મળે શ્રીરામ. મનુષ્યાદેહ. ૪
ાધુ થઇ જપ તપ કરે, કદી અન્ન ઉદક ન ખાયજી;
ુટવા ઉપાય કરે ઘણેરા, તેમ બેવડા પાશે બંધાય. મનુષ્યાદેહ. ૫
રનું ઘોર અંધારૂ, બાહેર દીવા કરે ન જાયજી;
રમાં દીવો લેઇ માંહે પેશીએ, તો તરત અળગું થાય. મનુષ્યાદેહ. ૬
હેમાળે જઇ હાડ ગાળે, જો લુંચાવે સઘળા કેશજી;
ાન વિના મુક્તિ નહિ, ભલે ધરે સંન્યાસીનો વેશ. મનુષ્યાદેહ. ૭
ુદ્ધ મતિને શાનકા, મંદ મતીને કહે શું થાયજી;
મરકટને સોમા શીખ દેતાં, સુગ્રીનું ઘર જાય. મનુષ્યાદેહ. ૮

પદ ૭ મુ—રાગ ઉપરનો.

ંગત કરીએ સંતનીરે, જેથી પાઇએ નિજ સ્વરૂપજી;
ાપ બુઝે તનમન તણા, ટળે શોક ભવકુપ. સંગત. ૧
.ંગત તો સૌ કોઇ કરે, પણ સંગતે સંગતે ફેરજી;
એક સંગતે ચોરાશીમાં ભમે, એક સંગતે બેસે નીજ ઘેર. સંગત. ૨
નેસ્પૃહા પરોપકારી, દયાળુ સદ્ગુરૂ દેવજી;
નમન અરપી તેહને, જો કરે નીરંતર સેવ. સંગત. ૩
ંઠી બંધાવી કાન ફુંકાવ્યે, જનમ મરણ ન જાયજી;
ેલના દોષ ટળ્યા વિના, ભ્રાન્તીમાં ભટકાય. સંગત. ૪
ભરમે ગયેલું મનડું, ન મુકે પોતાનો મતજી;
વરગ ભોગને સત્ય માની, તેની કામના ઉપર રત. સંગત. ૫
દ શાસ્ત્ર પુરાણનો, સમજી શકયો નહી સારજી;
ર્મ ફળ સુણી રાચતો, મતી વિનાનો ગમાર. સંગત. ૬
રવો થઇને ગોવિંદ સમરે, પણ માંહી ધનની ધાંખજી;

સદ્ગુરૂને સેવ્યા વિના, ન ઉઘડે અનુભવ આંખ. સંગત. ૭
પડોળ પરાં થયા વિના, અંધારે અથડાયજી;
ઉલૂક સદા અંધ રહે, તેને રવિ ન દરશાય. સંગત. ૮
પુરા સદ્ગુરૂ સંત મળે, તો લાગે રંગનો પાશજી;
સ્વામી મુક્તાનંદ ચરણે, ગુણ ગાય સોમદાસ. સંગત. ૯

પદ ૮ મું.—રાગ ઉપરનો.

પારસ મણી શું કરે રે, જો હોય લોહામાં કાટજી;
શુદ્ધ નિરાશ થયા વિના, ન હોવે કંચન પાટ. પારસમણી. ૧
પટ ઉપર ડાઘ પડયા ગળીના, તે કેમે ન જાયજી;
ભઠ્ઠી માંહી નાખ્યા વિના, શુદ્ધ કબુ ન થાય. પારસ. ૨
ધોબી ઉપર સાબુ દઈને, જો નાખે તપ્પણ નિત્યજી;
સતસંગ કરતાં જીવ સુધરે, નિરમળ થાયે ચિત્ત. પારસ. ૩
હરી ભજનમાં કરે કલોલ, નિત્ય ઓરમ ઓરા આયજી;
છેડે પલાળીને કંકર બાંધે, તોએ કોરા તે રહી જાય. પારસ. ૪
સદ્ગુરૂ તેમાં શું કરે, જો હોય પાત્રમાં પાપજી;
તર્ક મતી ઘણા તર્ક ઉઠાવીને, કરે વચનનો ઉથાપ. પારસ. ૫
મેલું મનડું સમજે નહી, કદી બ્રહ્માદિ આવી દે બોધજી;
પૂર્વ પુન્ય ઉદય વિના, ન લહે નીજનો શોધ. પારસ. ૬
પૂરણ શ્રદ્ધા હોય તેના, રૂદિયામાં લાગે રંગજી;
સ્વામી મુક્તાનંદનો દાસ, સોમાને મળ્યો સંગ. પારસ. ૭

પદ ૯ મું.—રાગ ઉપરનો.

સ્વપનું સંસાર છે રે, આ માંડણી માંડી તે ફોકજી;
અવિનાશી નીજ આતમા, જાણે જે વિરલાકોક. સ્વપનું. ૧
દ્રષ્ટીએ કરીને જે દેખીએ, તે સાચું ના કહેવાયજી,

મન કલ્પે તે સરવે માયા, તે તો અંતે વણસીજાય. સ્વપનું. ૨
નવ ખંડ ને ચૌદ બ્રહ્માંડ, ચાર લોક ગવાયજી;
અથર વિનાશી એહ છે, કાળના ગ્રાસમાં જાય. સ્વપનું. ૩
ઉપજે વણુશે તેજ માયા, માયામાં શું રહ્યો. મોયજી;
રામ કૃષ્ણે લીલા કરી, એવા સમરથ રહ્યા ન કોય. સ્વપનું. ૪
મન તું આશા કોની કરે છે, તૃષ્ણામાં કેમ તણાયજી;
સાચું કાંઇ રંચ નથી, જગ ભ્રાન્તિથી જણાય. સ્વપનું. ૫
રાત કેરા રૂપમાં ભાસે, જેવરીમાં ભુજંગજી;
જેવરી જાણે ભુજંગ નાશે, જો હોય સદ્ગુરૂનો સંગ. સ્વપનું. ૬
સંગે રંગ લાગે સહી, ત્યારે જીતે સત્વર જંગજી;
વૈરાગ ઉપને સુખ આવે, થાય કામના કેરો ભંગ. સ્વપનું ૭
ત્યાગ કર્યા વિના વાસના, ફરે લક્ષ ચોરાશી ફેરજી;
સાધન સાધે ન છુટે, ઠરી બેસે નહિ નિજ ઘેર. સ્વપનું ૮.
સદ્ગુરૂને સેવ્યા વિના, જઇ પુજે ભુતને પ્રેતજી;
ઉપજે વણુસે તેના સાથે, મૂઢ મતિએ કીધું હેત. સ્વપનું. ૯
કોણુ આવી છોડાવે, અંતે કાળ આવીને ખાયજી;
કહે સોમો પુરા ગુરૂ મળે તો, જીવ અમર થઈ જાય. સ્વપનું. ૧૦

પદ ૧૦ મું—રાગ ઉપરનો.

સદ્ગુરૂ સેવ્યા વિનારે, જીવ ફરે ચોરાશીની ખાણુજી;
અંતે જમડા લેઇ જાતાં, કરે ખેંચાતાણુ. સદ્ગુરૂ. ૧
અનેક સાધન હાથે સાધી, બંધાયો બેવડે પાશજી;
ઘટમાં રહ્યું ઘોર અંધારૂં, જ્ઞાનદીપક કીધો નાશ. સદ્ગુરૂ. ૨
માતા સાધી ભૈરવ સાધ્યા, સેવ્યા ભોળાનાથજી;
પોતાને તો ભૂલી ગયો, જઇ ભરી અવર શું બાથ. સદ્ગુરૂ. ૩

નકલને સહુ રહ્યું વળગી, અસલનો ન કીધો શોધજી;
કામના અંતર સ્વર્ગની, કયમ કરી લહે ગુરૂનો બોધ. સદ્ગુરૂ. ૪
બોધ કેમ કરીને લેવે, કામનામાં ન પડે સૂઝજી;
સ્વર્ગ ભોગને સત્ય માને, સમજણુ વિના અબૂજ. સદ્ગુરૂ. ૫
બુચટ તે કોઇને ન બુજે, કરે મનની દોડાદોડજી;
ચાર ધામને અડસઠ તીરથ, ફર્યો પિંડ બ્રહ્માંડ. સદ્ગુરૂ. ૬
તોય મન ઉછાળા મારે, કદી ઠરી ન બેઠો ઠામજી;
વૃક્ષ ફળ દેખી મરકટ, ફરે ડાળે આમથી આમ. સદ્ગુરૂ. ૭
મરકટ મતિ ફળ ખાવામાં, ઝડપ પકડાઇ જાયજી;
મદારી ફાંસો ગળે ઘાલી, રમત રમાડી ખાય. સદ્ગુરૂ. ૮
કસાઇ નિજ સ્વાર્થ માટે, અજાનો લે છે જીવજી;
કહે સોમો ગુરૂ પુરા મળે તો, જીવને થાપે કરી શીવ. સદ્ગુરૂ. ૯

પદ ૧૧ મું—રાગ ઉપરનો.

ભાવશાર તે ખરોરે, જો જડે ભાવશારની જાતજી;
નહિ તો ભાવશાર ન જાણવો, છે હરિરૂપ સાક્ષાત. ભાવશાર. ૧
ભાવશાર થઇને ભુલો પડયો, હાથે પાડી પોતપર ભાતજી;
છીદરી બંગાળુ કરી છાપતો, ન પડી પોતની પરખ્યાત. ભાવ. ૨
પોતની પારખ ના પડી, આખી ઉમ્મર તેમાં જાયજી;
પોત પરખે પદ હાથ લાધે, તો અમૂલ્ય લાભ કમાય. ભાવ. ૩
પટતંતુનો ખોજ કરે, આ તાર શેમાંથી થાયજી;
પુણી તપાસે મૂળ જડે, આ તો કપાસ કહેવાય. ભાવશાર. ૪
પણ કપાસનું બીજ વિચારે, પટતંતુ ઓળખાયજી;
બીજ આદ્ય ઓંકારમાંથી, નામ રૂપ સ્રષ્ટિ થાય. ભાવશાર. ૫
દ્રષ્ટાંત સિદ્ધાંત કરી સમજે, તે બુદ્ધિશાળી કહેવાયજી;

પણુ સદગુરૂને સેવ્યા વિના, જ્ઞાન કબુ ન થાય. ભાવશાર. ૬
પોત પદની પેર પ્રીછતાં, નામ રૂપ કલ્પિત જણાયજી;
કપાસ વિના પટતંતુ, ભાત રંગ ન ભરાય. ભાવશાર. ૭
ગવન ઘરચોળુ છાલ છીદરી, એ વચે પડીયાં નામજી;
આદ અંત વિચારતાં, ઠરી બેસે નિજ ઠામ. ભાવશાર. ૮
હાડ માંસ રૂધિર તણો, ભર્યો કાયા ચામનો કુંડજી;
મારો કરી માની લીધો, તેને દેખી રાચે મતી મૂઢ. ભાવશાર. ૯
પુરા સદગુરૂ સંત મળે, ત્યારે છીપાપણું મટી જાયજી;
કહે સોમો આદ અનાદેની, અસલ જાત ઓળખાય. ભાવશાર. ૧૦

પદ ૧૨ મું.

મતિ વિના માનવી રે, પડે જનમ મરણુની રે જાળજી;
સદગુરૂ શરણે ગયા વિના, જે જે સાધે તે આળપંપાળ. મતિ. ૧
દેહ દરસી દુરબળ મતિ, તે શરીર જાણે સત્યજી;
પડયા પીડાય પેટના અર્થે, એની કામના ઉપર રત્ય. મતિ. ૨
પરમારથ ને પ્રીછે નહિ, જે પ્રાય છે નિજ પ્રોતજી;
કર્મ ગ્રહણ ને વાદળે છાયો, ચૈતન્ય સુર ઉદ્યોત. મતિ. ૩
સાનકામાં સમજે નહિ, એક સંસારી ને બીજો શ્વાનજી;
કર્મ દેખી રાતડાં, ત્યાં જઇ કુબુદ્ધિ માંડે કાન. મતિ. ૪
શ્વાન અસ્થિ ચુસે આપણું, મુખ રૂધિર દેખીને સંગજી;
પશુ બુદ્ધિ પ્રીછે નહિ; તે કાપે પોતા કેરૂં અંગ. મતિ. ૫
વકતા વિખેરે વાણીને, ને શ્રોતા સાંભળવા જાયજી;
કથા સાંભળી કર્મની, તેમ જીવ જાડેરો થાય. મતિ. ૬
સોફ વાયુએ શરીર ફુલે, થાય આરોગ્યતાની હાણુજી;
કર્મ ફળ સુણી મન માનતો, પંડિત કેરી વાણુ. મતિ. ૭

પાને પોથે કોટી લખીયે, પણ સરવાળો તે સારજી;
પલકમાં પુરણ પ્રીછે તો, આવે બ્રહ્મ વિચાર. મતિ. ૮
એક શબ્દ પ્રસર્યો બાવને, ચૌદ વિદ્યા ને ચારે વેદજી;
કવિ શક્તિ એ અક્ષર ગુંથ્યા, જંત્ર મંત્ર તંત્ર ને ભેદ. મતિ. ૯
કામી ક્રોધિ શબ્દે મોહુયા, તે આચરે ઉપાધજી;
નાનાં કર્મ કરે કામના, તેમ તેમ વાધે વરાધ. મતિ. ૧૦
સદગુરૂ આંજે આંખડી, ત્યારે અંધારૂ બધું જાયજી;
અણુ લિંગિ અનુભવ અખા, કોઇ મહાજન સુણી સહરાય, મતિ. ૧૧

પદ ૧૩ મું.

પ્રિછો તમે પાધરૂં રે, આતો અણજાણે રે ઉપાધજી;
પરમાત્મ પડછે હવો, તો ભાગે આ ભવની બાધ. પ્રીછો. ૧
અજ્ઞાને સૌ આથડે, અને દેવ દેવિને ધાયજી;
પ્રભુને પ્રીછે જે પિંડમાં, તે બાહેર જોવા શીદ જાય. પ્રીછો. ૨
કામના વળગી સ્વર્ગની, માંહિ ભ્રમ રૂપી ભૂતજી;
તેને ખાઇને ખોખું કર્યો, કેમ વાત લ્હે અદભુત. પ્રીછો. ૩
શાંત સુખ આવે નહિ, ને માંહી છે અમ્મરની આશજી.
ભરે બાથોડીયાં પાષાણસું, જાણે દરિદ્ર થાયે નાશ. પ્રીછો. ૪
જેમ જોગી કેરૂં માંકડું, તે ઘેર ઘેર માગે ભીખજી;
પગે લાગેને પેટ દેખાડે, તોએ ના વળે શીખ પ્રીછો. ૫
સાધન કરી કરી શરણે જાય, તેમ ચડે કાળ માયાને હાથજી;
કાળ ભવની ઘાણીમાં જોતરે, તેના નાકે ઘાલી નાથ. પ્રીછો. ૬
નિસ્પૃહી નર જો મળે, તો મનસા મારે મનજી;
કર્મ ઊેવડાં બાળે તેનાં, જ્ઞાન આપે જે દંન. પ્રીછો. ૭
વપુ વિદેહી તે કરે, જે જીવન મુકતા હોયજી;
પાધરો માર્ગ મુક્તિનો, અખા તું વિચારીને જોય. પ્રીછો. ૮

પદ ૧૪.

સદગુરૂ શું કરેરે, ભાઇ કહ્યું ન માને જંતજી;
વચન વિડારે આવતાં, સામા દેખાડે દંત. સદગુરૂ. ૧
પ્રભુ પુરાતન કહી ગયા, હરજીએ કહ્યું અદ્યાપજી;
આદિ મધ્યે અંતહું, સત્ય વચનજો થાપ. સદગુરૂ. ૨
નર પ્રત્યે નારાયણે, ભાખ્યું છે બ્રહ્મ જ્ઞાનજી;
ત્યાં દેહનાં કૃત્ય જુવે દુરમતિ, જેમ હાડકું કરડે શ્વાન. સદગુરૂ. ૩
શિવ ગત્ય સાધનિ તે, નિરખે નિરખણુ હારજી;
ચૈતનને ચિત્તમાં ધરે, તે પામે બ્રહ્મ વિચાર. સદગુરૂ. ૪
નિસ્પૃહી નર નવ લહે, વેષ તણો વહેવારજી;
તે સહેજ શુન્યમાં સમઇ રહે, ને લોક જુવે આકાર. સદગુરૂ. ૫
કેસરી તાજુ ભ્રખે, ને જાંબુક જૂનું ખાયજી;
તેમ બ્રહ્મ જ્ઞાની જ્ઞેયમાં રહે, અને જીવ જીરણુ થાય. સદગુરૂ. ૬
પ્રત્યક્ષ પ્રભુને જે વદે, તેનાથી માંડે રાડજી;
તે કહ્યું ન માને કોઇનું, કરે અનુભવ આગળ વાડ. સદગુરૂ. ૭
જે જેહના તે તેહવા અખા, કોઇને હીરા કોઇ પાષાણજી;
તે સંગથી સુધરે નહિ, હોય નિપજ એકે ખાણ. સદગુરૂ. ૮

પદ ૧૫—રાગ આતમા એક છેરે એ રાગ.

પ્રભુ કેમ પુજીએરે, તમે જુઓ વિચારીને વાતજી;
રૂપ અરૂપી રામને ભાઈ, ધાયાની કેઈ ખ્યાત. પ્રભુ. ૧
નિગમ નેતિ કહી ગયા, પામે મન વાણી વિરામજી;
પછી ચાર થાપી પ્રતિમા, એછે ભુલ્યા કેરો ઠામ. પ્રભુ. ૨
કાષ્ટ મ્રત પાષાણુની, ધાતુ મુરતિ ચારજી;
માંહે મુકી મનને, પછી માંડી ઠારો ઠાર હાર. પ્રભુ. ૩

દેવ દેવી પંચ ભુતનાં, પંચ ભુત પુજે તેહજી;
સામગ્રી સરવે ભુતની, પંચ ભુત વિના નહોય દેહ. પ્રભુ. ૪
પંચાતીત જો પામીએ, તો પુજ્યાનું રે પ્રમાણજી;
અણજાણે કરે અરૂહણા, એતો કુસકા કુટે જાણ. પ્રભુ. ૫
સર્વે લોક પંચ ભુતનો, નામ રૂપની સૃષ્ટિજી;
રૂપ અરૂપી સમ રસ છે, જુઓ સદગુરૂ કેરી દ્રષ્ટિ. પ્રભુ. ૬
અણજાણે આદર કર્યાથી, ધોખો તે ન જાયજી;
દેહનાં કૃત્યતે દેહ લગે, ધમુ ધમુ રે વાય. પ્રભુ. ૭
ઓટ ઉપરાંત જેછે તે, દિવ્ય દૈવત દેવજી;
અખા આપ અરપે આપને, તો સમ રસ સાચી સેવ; પ્રભુ. ૮

પદ ૧૬ રાગ ઉપરનો.

સંગત તેને શું કરે, ભાઇ શઠ ના સમજે સાનજી;
આનંદ પદને ન આચરે, જઇ કુબુદ્ધિએ માંડે કાન. સંગત. ૧
પન્નગને પય પાન કરાવે, અમૃતનો અતિ આહારજી;
ગુણ ગયો એ ઘૃતનો, તેમાં વાધ્યા કોટી વિકાર. સંગત. ૨
દાદુર વસતો વારીમાં,. પેડ કમળની પાસજી;
કલોલ કરતો તે કીચમાં, તેને નાવે કમળની બાસ. સંગત. ૩
શ્રીમંતની સંગે સદા રળતો, અહોનીશ ભેળો રાંકજી;
તોએ અપરાધી અમથો રહ્યો, તેમાં શ્રીમંતનો શો વાંક. સંગત ૪
રાણી સંગે સદા રહેતી, દાસી પુરણ પ્રીતજી;
તોએ સમજી નહિ સાહેલડી, એને ન આવી રાજ કુળની રીત.સંગત.૫
મરી કપૂર બે ભેગાં વસતાં, એકઠાં બારે માસજી;
તોએ તીખાશ તેની નવટળે, તેની બુદ્ધિમાં નાવે બરાસ. સંગત ૬
ગરજુ જનને જ્ઞાન આવે, ને રૂદીયે લાગે રંગજી;
કહે અખો એવા મુમુક્ષુને, સદા ફળે સતસંગ. સંગત. ૭

પદ ૧૭ મું—રાગ ઉપરનો.

પંડીતો પ્રીછજોરે, ભાઇ આપ ટળે ભવપારજી;
ભણે ભટકણ નહિ ટળે, આ તો વાણી રહિત વિચાર. પંડીતો. ૧
ભાઇ યથાર્થ વ્યાકરણ વખાણે, જાણે તે ભવમાં પુંજજી;
તેની લજ્યા વાધે લોક માહે, પણ અળગો આત્મગુંજ. પં. ૨
જેમ સાવ સોવરણ કેરો નાવ કીજે, તે તરે ન તારે તોયજી;
પાર ઉતારે કાષ્ટનુ, જેને અંતર ભાર ન હોય. પંડીતો. ૩
પોથી માંહે પરપંચ લખ્યા, કર્મ ધર્મના જાળજી;
તેમાં પણ હાથે ધરીને, બેઠો બાંધે માળ. પંડીતો. ૪
વિશ્વ વિશ્વને ભોગવે, નિત્ય પંડીત પુછવા જાયજી;
તે અરથ સાધે આપનો, ભાઇ કરે તે અનેક ઉપાય. પંડીતો. ૫
કામી જાણીને કર્મ દેખાડે, પરપંચ પોખે પાશજી;
અજ્ઞાન અંધારે બહુ ભમ્યો, કીધો જ્ઞાન કેરો નાશ. પંડીતો. ૬
બ્રાહ્મણ તે જે બ્રહ્મ જાણે, અને બ્રહ્મ દેખી બ્રહ્મ ધાયજી;
આપપણુ પેખે નહિ, એવો વસ્તે વસ્તુ સમાય. પંડીતો. ૭
નિરાલંબ પરપંચ વર્જીત, અનાધાર આધારજી;
પક્ષપરા છે પરો સદા, તે અનુભવનો ભંડાર. પંડીતો. ૮
આપથકો ઉપદેશ ન આલે, ન કરે લિંગનો લેખજી;
ભવતારક ગુરૂ નાવ છે, પરપંચ ટાળે શેષ. પંડીતો. ૯
નાશપણે નિરમળ મતિ, નિરવાણ ને નિરાધારજી;
પક્ષ પ્રત્યે પ્રીછે નહિ, અનુભવના ભંડાર. પંડીતો. ૧૦
એવા નર તેને મળે, જેનાં ભાગ્ય હોય નિદાનજી;
હરિ હસ્તામળતો મળે, કહે અખો જો મંછડે કાન. પંડીતો. ૧૧

પદ ૧—રાગ પ્રભાત–
(મુજ અબળાને મોટી મીરાંબાઇ) એ રાગ.

જાગોને ઓ પ્રાણી મારા, જાગોને ઓ પ્રાણીરે;
શીરપર કાળની નોબત વાગે, શું સુતો સોડ તાણીરે. જાગો. ૧
અનેક જન્મ તારા ગયા નીંદ્રામાં, તોયે ના ધરાણીરે;
આળસ તજીને ઉઠ અભાગી, અવસર રૂડો લે જાણીરે. જાગો. ૨
આ વેળા છે હરી ભજવાની, મળ્યો મનુષ્યા દેહ મણીરે;
ચોંપ કરીને ચેતી લેને, આયુષ્ય નદીનું છે પાણીરે. જાગો. ૩
ચઢયું પુર તે ઉતરી જશે, જેમ વાદળ વીખરાણીરે;
ચાર દીવસમાં વહી જાશે, જોબન લે તું જાણીરે. જાગો. ૪
જાશે જવાની જરા આવશે, અથર કાયા કંપાણીરે;
જમડા આવી ઝડપ ઝાલે, કુટી મારે જમ દાણીરે. જાગો. ૫
પાંચ અસુર વસે કાયામાં, તેને વશ થયો અભિમાનીરે;
આતમ ઘાત કરશે તારી, તે ખબર ન જાણીરે. જાગો. ૬
પાંચ પચીસ ભેગા રહીને, કરે છે ધૂળધાણીરે;
લંપટ સાથે લપટાઈ રહ્યો, સમજ્યો ન પામર પ્રાણીરે. જાગો. ૭
આઠ પહોર વહેવારમાં ગાળી, ચાર પહોર ઉંઘમાં ગમાણીરે;
એક ઘડી સતસંગ ન કીધો, નીવૃત્તિ ન આણીરે. જાગો. ૮
વહેવારમાં તું વડો કહેવાયો, ઘરનું તરીલું તાણીરે;
છળ કપટ કરી ધન હરી લાવ્યો, સરવે મળીને માયા માણીરે. જાગો ૯
તોએ ન સમજ્યો અજ્ઞાની, અંધારી બાંધી તાણીરે;
ઘાંચી ઘરના બળદની પેરે, ફર્યો માયાની ઘાણીરે. જાગો. ૧૦
લોચામાં તું લબધઇ રહ્યો, ન ભજ્યા સારંગપાણીરે;
આઠ પહોર તારા અફળ ગયા, કેમ કરી છુટે ભાવ ખાણીરે. જાગો. ૧૧

કહે સોમો સમજ મન મારા, શીખ સંતોની લે માનીરે;
હરી ગુરૂ સંતોને હરખે સેવો, હરી ભજો ભવ આણીરે. જાગો. ૧૨

પદ ૨—રાગ પ્રભાત-ઉપરનો.

જાગીને હરી ભજો પ્રાણી, આત્મ અમ્મર લ્યો જાણીરે;
મૃગ તૃષ્ણાવત જગત પીછાણો, જેમ ઝાકળનું પાણીરે. જાગી. ૧
ઝાકળ નીર તે પળમાં સુકાશે, રવી ઉગે અલપાણીરે;
ઇંડજ સ્વેદજ ઉદ્‌ભીજ જરાયુ, એ છે ચાર ખાણીરે. જાગી. ૨
બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્ય નહી, તું નહી શૂદ્ર લે જાણીરે;
તું છે જીવન વિશ્વાધારા, એમ વદે વેદ વાણીરે. જાગી. ૩
ચાર આશ્રમ નથી તારે, નહિ બાળ વૃદ્ધ કે હાણીરે;
અવસ્થા ચારનો તું સાક્ષી, સચ્ચિદાનંદ ઉર આણીરે. જાગી. ૪
તુરિયાતિત તુંહી કહાવે, ત્યાં ન પહોંચે મન વાણીરે;
સોમા સો પદ નિશ્ચે જાણો, તો છુટો ગર્ભવાસ ખાણીરે. જાગી. ૫

પદ ૩—રાગ પ્રભાત-ઉપરનો.

જાગ્યા વિના જગત ભાસે, ઉંઘમાં ભૂપ થયો ભીખારીરે;
ઘેરે ઘેર માગતો ફરિયો, ઉદર ભરવા પ્રાણ ધારીરે. જાગ્યા. ૧
જાચના કરતો ચોદેશ ભટકતો, દરધાને દવારીરે;
તોએ તેની ભુખ ન ભાગી, ઉઠયો અંગ પસારીરે. જાગ્યા. ૨
આંખ ઉઘડી સ્વપ્નું સમાયું, જેમ છે તેમ રાજ રાણીરે;
જાગીને ભોગવવા લાગ્યો, સુખેથી રાજધાનીરે. જાગ્યા. ૩
જાગ્યા તેને ચોર ન લુટે, છુટી જમની જમાનીરે;
જનમ મરણ તે કોનો ગણે, મરજીવે મોજો માણીરે. જાગ્યા. ૪
નવ તીન પાંચ પચીસ કહાવે, પ્રકૃતિ લે તું જાણીરે;
તેમાંથી એકે નથી ટાળવી, જો ઉઘડે અનુભવ ખાણીરે. જાગ્યા. ૫

અનુભવ જાગે ભ્રાન્તી ભાગે, મટે માયાની એંધાણીરે;
જગત સઘળું નીજાનંદ ભાસે, નેરો આગમ પિછાણીરે. જાગ્યા. ૬
સંત તે ભગવંતજ કહીએ, હરિજન હરી લ્યો જાણીરે;
સોમા કર નિત્ય સંત સમાગમ, પ્રેમે ઉલટ આણીરે. જાગ્યા. ૭

પદ ૪ થું—પ્રભાત રાગ ઉપરનો.

પ્રાણી કરો સંત સમાગમ, નીજ આતમ લાભ લેવારે;
સદ્ગુરૂની કીરપા વડે, પાઓ મોક્ષ પદ મેવારે. પ્રાણી. ૧
પામો મેવા અભંગ દેવા, કરો તનમનથી સેવારે;
અડસઠ તીરથ સદગુરૂ ચરણે, ગંગા જુમના રેવારે. પ્રાણી. ૨
બ્રહ્મા વિષ્ણુ શિવરૂપ જાણો, ચૈતન સદગુરૂ દેવારે;
ભિન્ન ભાવ રૂદીયેથી ટાળી, ગુરૂ છે ગોવિંદ જેવારે. પ્રાણી. ૩
દોષ દ્રષ્ટી સ્વપ્ને ન ધરિયે, પ્રેમ જ્ઞાન રસ પીવારે;
ગુરૂ મહિમા અગમ અપારા, વરણી શકાય નહિ તેવારે. પ્રાણી. ૪
દેવી દેવતા પીર પેગંબર, અંતે ખરે એતો ખેવારે;
કહે સોમો એક સદગુરૂ સાચા, જગ રંગ પતંગી જેવારે. પ્રાણી. ૫

ભજન ૧—રાગ લાવણી.

આજે આનંદ મારા ઉરમાં છાયો, ગુરૂ મળ્યા મને બ્રહ્મ જ્ઞાની;
શબ્દ સુનાયા ભેદ ઉડાયા, અંતર સુરતા ઠેરાણી. ૧
શુદ્ધ વિચાર વિવેક કીધા, ઉઘડી મારે અનુભવ ખાણી;
સત્ય બ્રહ્મ સનાતન ચૈતન, એમ વદે છે વેદવાણી. ૨
તત્વમસી પદ કીયા તપાસી, અરથ જથારથકુ જાણી;
જીવ ઇશ્વરકી તજી ઉપાધી, અસીપદસે એકતા આણી. ૩
લુણ જેમ ઉદકમાં ભળિયું, બરફ ગળી થાય જળપાણી;
જેમ સરિતા સિંધુ માંહી, સાગર લેહેરી સમાણી. ૪

અબ મન મગનફરે મન મેરા, નિશદીન આનંદ ઉભરાણી;
સંશય સકળ મિટયા તનમનકા, હરખ શોક નહી વૃદ્ધ હાની. ૫
એકમાં અનેક અનેકમાં એક હે, અનેક એકમાં સમાણી;
નિરંજન ન્યારા નહી વારપારા, નિરાધાર નીરચવય જાણી. ૬
નિરગુણ શીરગુણ પર જાણ્યા, પેહેલ આતમ પરખાણી;
મરજીવા કોઈ ગુરૂગમ જ્ઞાની, અનુભવી સંતે મોજે માણી. ૭
સાચી લગન લાગી સદગુરૂસે, જ્ઞાન ધ્યાનમાં ઘેરાણી;
કહે સોમો સદ્દગુરૂના ઘરની, ગુપ્ત વાતો જાહેર જાણી. ૮

ભજન ૨ લાવણી.

સદગુરૂ સંત મળ્યારે બ્રહ્મવેત્તા, દયા કરી પોતાનો જાણી;
મોહ નિંદ્રાથી સૂતો જગાડયો, શબ્દ બાણ માર્યો તાણી. ૧
હૃદય ભેદ્યા સંશય છેદ્યા, ઘટ ભીતમાં ફરે ઘાણી;
હરદમ નામની છુટી હવૈયો, ખૂબ મચી હે ઘમશાણી. ૨
પ્રેમ પલિતા ને જ્ઞાનના ગોળા, છૂટવા લાગ્યા પરમાણી;
ક્ષમા ખડગ ને ઢાળ ધીરજની, માર હઠાયા ક્રૂર દાણી. ૩
શીલ સંતોષ દયા દિલ ભીતર, વૈરાગ બકતર પેહેર્યું તાણી;
સત્ય ધરમની ધ્વજા ચઢાઇ, તો નિરભે નોબત ઘેરાણી. ૪
નિરભે નુરી નિરાધાર ખેલું, આદ્ય અંતકા મેં ઘર જાણી;
કહે સોમો મુક્તાનંદ ચરણે, ઉઘડી મારે અનુભવ ખાણી. ૫

ભજન—૧.

સંતોરે આતમ દેવ અવિનાશી,
પુરણાનંદ પુરણ પોતે, જળજંતુના વાશી. સંતોરે. ૧
શેષ મહેષ ને શારદા, સરવે રૂપ એ જાણો;
મન બુદ્ધિ ચિત્ત પરાપરે, સ્વેપદને માણો. ૨

અલક્ષ અલખ સ્વરૂપ છે, નિરંજર નિરમળો;
તે પદ પોતે પ્રિછતાં, મટે દ્વૈતનો કમળો. ૩
પીળાશ ભાસે કમળા વડે, રવિ જેમનો તેમ;
અંતર પ્રેમ પ્રગટયા વિના, ન જાય મનનો વેહેમ. ૪
અનુભવી સદ્દગુરૂ વૈદ વિના, રોગ મૂળથી ન જાવે;
કામના બાંધી બાંધી કર્મ કરે, તેમ જરા મર્ણ થાવે. ૫
રૂચક વાણી પંડીતની, સુણી જગત ભરમાણું;
અણુછતા ભવને માંણુવા, સહે કષ્ટ સાંજ વહાણું. ૬
ઉરમાં કામના સ્વર્ગની, વિચારી ના જોયું;
પોતાને ગયો વિસરી, મનડું માયામાં મોયું. ૭
તુચ્છ સુખમાં રાચી રહ્યો, ન બેઠો નીજ લાભે;
કહે સોમો ગુરૂ સેવ્યા વિના, ભરી બાથ જઇ આભે. ૮

ભજન—(આજ આણંદના દીન હમારે)–એ રાગ.

સંત મળ્યા મને સાંન બતાવી, નામ આપ્યા ઓંકારારેજી;
હરદમ મેં તો હેરી લીધા, બેઠા એકાંતમાં ન્યારારેજી; ૧
આળસ નીંદ્રા આસન જીતી, મન વિષયથી વાળ્યારેજી;
નાસાગ્રે દ્રષ્ટી ધારી, દરશ્યા નિજ દેદારારેજી. ૨
ત્રવેણીમાં જ્યોત ઝલકે, બાહેર ભીતર અજવાળારેજી;
રાસમંડળની રચના ભાળી, મોહ્યા મનવા મારારેજી. ૩
સોહં ધુનની મોરલી વાગે, રોમરોમ રણુંકારારેજી;
હરતાં ફરતાં સુરતા લાગી, પીયા સંગ હમારારેજી. ૪
પીયા હમારા પ્રેમકા પ્યાસી, ક્યા જાણે સંસારારેજી;
પ્રેમ આગળ નેમ નહીં સોમા, છુટયા કર્મ કુટારારેજી. ૫

ભજન—રાગ (ગણુપતી ધાયા સહાય સુખ પાયા ગુરૂ મળ્યા ગમ જાણી રેહેજી.) એ રાગ.

નમીયા સો નર ભારી, મારા હરીજનો નમીયા સો નર ભારીરે હેજી;
એવી દશાને જાઉં બલિહારી, મારા હરીજનો નમીયા. ટેક.
નમીયા સો નર સાહેબને ગમિયા, ભેટયા શ્રીવનમાળીરે હેજી;
ઝીણા થયા તેણે જગપતી જોયા, હું પદ દીધું ગાળી. મારા. ૧
વિટંદાવાદ જેના છુટી ગયા, એક અખંડ વરતી ધારીરે હેજી;
આત્મદરશી સબ આતમ દેખે, ભેદ બુદ્ધિ ટાળી. મારા. ૨
જીવતાં મુઆ તે મુઆ કહીએ, અહં મમતા જેણે મારીરે હેજી;
અપના મનકું દે ઉપદેશા, જગ ઝગડાથી પરવારી. મારા. ૩
ગુરૂ મળ્યા તે એમ જણાય જો, પલટાય નેણ વાણી સારીરે હેજી;
ચઢી ખુમારી તે ન ઉતરે, નીજ નામ લીધા વીચારી. મારા. ૪
દાસ સોમાને ગુરૂ મુક્તાનંદ મળિયા, મારી શબ્દ કટારીરે હેજી;
એ કટારી મારા કલેજામેં લાગી, હો ગઇ આરંપારી. મારા. ૫

ભજન—રાગ (જગમગ જગમગ જ્યોતો જલકે) એ રાગ.

સતગુરૂ આયા નામ સુનાયા, તો ભેદ ભરમ ઉડાયારે હોહોજી;
નામ સુણંતા સેજ ધુન લાગી, સોહં શબ્દ રણુકાયારે હોહોજી. ૧
શ્વાસોશ્વાસ સમરણ કરતા, મન પવન પકડાયારે હોહોજી;
ત્રિકુટી મધ્યે તાળી લાગી, નુર નજરોમેં વરતાયારે હોહોજી. ૨
અણી અગર પરચંદા ઝલકે, પ્રગટ દેદાર દેખાયારે હોહોજી;
બ્રહ્મ સાગરમાં અહોનીશ નાહાતાં,સ્વાંત શીતળ વરસાયારે હોહોજી.૩
પાંચ કોશપર નિશાન હમારા નિરાધાર મંડપ છાયારે હોહોજી;
વાણી ચાર પાર કીયા વિચારા, શબ્દાતિત લખાયારે હોહોજી. ૪
શબ્દાતિત નિર્ભે ઘર જાણ્યા, વાં નહીં કારણ માયારે હોહોજી;
દાસ સોમાને ગુરૂ મુક્તાનંદ મળિયા, ગઇ રજની દીન પાયારે હો. ૫

ભજન-(આજ મેરે ભાગ્ય જાગ્યો, ભલો ઉગ્યો ભાણજી.)એ રાગ.

આજ આનંદ ઉર વાધ્યો, સમજો ગુરૂજીની સાંનજી;
મને સંત મળ્યા સોહામણા, દીધાં અભય દાનજી. આજ. ૧
આતમ જાગ્યા મહાતમ ભાગ્યા, કીધાં પ્રેમ પલાણજી;
જ્ઞાન ઘોડા ઘુમન લાગ્યા, સુરત ચઢી અસમાનજી. આજ. ૨
વિના વાદળ વિજ ચમકે, ગડગડે નીશાનજી;
શબ્દ બુંદ વરસે અખંડ ધારા, પ્રીતે પીધાં પયપાનજી. આ. ૩
કોટાનકોટી રવિ શશીની શોભા, જોતાં બન્યો ગુલતાનજી;
બિના દિપક જ્યોત ઝળકે, ત્યાં લાગ્યું મારૂં ધ્યાનજી. આ. ૪
કહે સોમો ગુરૂ મુક્તાનંદ, મળ્યા તે પરમાણજી;
અરસપરસ દેદાર દરસ્યા, મટી ખેંચ્યા તાણજી. આજ. ૫

પદ-૧ ભજન—રાગ સામેરી.

હરી હરી કરતાંરે, હરિમાં સમાઇ રહ્યારે,
જોતાં ના જડે નામને રૂપ;
વિચારીને જોતાંરે, સત ગુરૂજ્ઞાનમાંરે,
પોતે છે અસ્તી ભાતી પ્રીય રૂપ. હરી હરી. ૧
આનંદની છોળ્યોરે ઉઠે છે અનંત ગણીરે,
કહેતાં તો મુખથી નવ કહેવાય;
મુંગે સાકર ખાધીરે સ્વાદ કોને કહેરે,
હાંરે એતો સમજ સમજ મુસકાય. હરી હરી. ૨
લુણ કેરી પુતળીરે ઉદકમાં જઇ ગળીરે,
થાગ લેતાં થઇ ગઇ રૂપ સ્વરૂપ;
ખોળંતાં ખોવાણીરે તદરૂપ થઇ રહીરે,
નીજ આત્મ અદ્વેત અરૂપ. હરી હરી. ૩

નિંદુ વંદુ કોનેરે, કેનાં હવે ગીતાં ગૈયેરે,
આપે હરી વિલસ્યા પોતાનીરે મોજ;
એકથી અનેકરે રમવા બાજી રચીરે,
ધરીયા છે વિધવિધનારે સોજ. હરી હરી. ૪
બીજ માંહી વટરે વટમાંહી બીજ રહેરે,
થડ શકી ડાળાં ફળ ફુલ થાય;
વેદ એમ વદેરે, શ્રુતી તો સાખદેરે,
સોમા સરિતા બ્રહ્મસાગરમાં સમાય. હરી હરી. ૫

પદ ૨—રાગ સામેરી.

સ્વામીજીના સંગેરે, સુખ આવ્યું સેજમાંરે,
જ્યારે ગુરૂએ મુજપર કીધી મેહેર;
આદ્યને અનાદેરે, આત્મ પરખાવીયોરે,
જ્યારે આવી લગ્ન મગ્નની લેહેર. સ્વામીજી. ૧
સાચા સતસંગીરે, રહેણીમાં રહેવે સહીરે,
રહેણી વિના કહેણી બકે શું થાય;
રહેણી વિના કહેણીરે બકે નર કુડીયારે,
એતો જીવ જોતા જોતા પ્રલ્લે જાય. સ્વામીજી. ૨
મોહમન ગાળિરે, રહે કોઇ એક રંગેરે,
આપોપુતો એણી વીધે અરપાય;
આપજો આનામીરે, નામમાં સમાઈ રહ્યોરે,
એતો હંસ મારો સતુસંગી કહેવાય. સ્વામીજી. ૩
અતોલ્ય અમાપિરે, કહો વાતો કોને કહીએરે,
એકલાં વેદ શાસ્ત્ર ભણે શું થાય;
વિવેક વિચારીરે, સમજીને જે સમ્યારે,
તેમનાતો તંત લગ્યા એકતાય. સ્વામીજી. ૪

ભારથી રેવા કહેછેરે, સન્યાસી સંત મળ્યારે,
તેમની સંગે સંત સીધ્યારે અપાર;
ભવોને ભવરે, ચોરાશીના બંધ ટળ્યારે,
તેમને ખેલ રચ્યો નિરબંધ નિરાધાર. સ્વામીજી. ૫

પદ ૩—રાગ સામેરી.

અરજ અમારી રે, સાંભળવાને સામળારે,
કરૂણાના સાગર ધરજો કાન;
સાધન તો સઘળાંરે, મુજથી સાધે નહિરે,
નથી થતાં તીરથ વ્રત કે દાન. અરજ. ૧
જોગને સમાધીરે, સાધી હુંતો ન શકુંરે,
ન ફરૂં હું કાશી ને કેદાર;
વનમાં વસીનેરે, કષ્ટ કરૂં નહીરે,
ન સ્હેવાય જળ ફળ પત્રાધાર. અરજ. ૨
સકળ સામગ્રીરે, સરજેલી તમ તણીરે,
શું લેઇ સેવું શામ શરીર;
એમ જાણીનેરે, અરપું છું એટલુંરે,
નિરમળ મનસ્વરૂપી નીર. અરજ. ૩
ચિતવન ચંદનરે, પાત્રીતો પ્રેમનીરે,
ધરાવું છું ધ્યાન સ્વરૂપી ધુપ;
જ્ઞાનરૂપી દીવોરે, ઘટમાં પ્રકાશિયોરે,
પ્રણવનો જાપ થાય છે અનૂપ. અરજ. ૪
એવું માનીનેરે, અભેપદ આપજોરે,
જન પ્રતિપાલક જગદાધાર;
ભક્તિતો ભુદરરે, ભલેરી આપજોરે,
છોટમને સુખના દાતાર. અરજ. ૫

પદ ૪—રાગ મેવાડો-સામેરી.

સમજણ વિનારે, સુખ નહીં તુજનેરે,
વસ્તુ ગતિ કેમ કરી ઓળખાય;
આપમાં દીસે છેરે, આપણો આતમારે,
તેણે કાંઇ જીવપણું નવ જાય. સમજણ. ૧
રવિ રવિ કરતાંરે, રજની નહી મટેરે,
અંધારૂં તો ઉગ્યા પુંઠે જાય;
રૂદે રવી ઊગેરે, નીજ ગુરૂ જ્ઞાનનોરે,
થનાર જે હોય તે સહેજે થાય. સમજણ. ૨
જળ જળ કરતાંરે, તૃષ્ણા નવ ટળેરે,
ભોજન કહેતાં ન ભાગે ભુખ;
પ્રેમરસ પીતાંરે, તૃષ્ણા તુરત ટળેરે,
એમ મહા જ્ઞાનીઓ બોલે છે મુખ. સમજણ. ૩
પારસમણિ વિનારે, જે પથરા મળેરે,
તેણે કાંઇ કાંચન તે નવ થાય;
સમજણ વિનારે, જે સાધન કરેરે,
તેણે કાંઇ જીવપણું નવ જાય. સમજણ. ૪
દશ મણ અગ્નિરે, લખીયે કાગળેરે,
એ લેઇ રૂમાં જો અલપાય;
એની ઉષ્ણતાએરે, રૂ નથી દાઝતુંરે,
રતી એક સાચે પ્રલયજ થાય. સમજણ. ૫
જીવપણું મટેરે, અનહદ ચિંતવેરે,
એતો વાણી રહિત છેરે વિચાર;
જે જે નર સમજ્યારે, તે તે તો ત્યાં સમ્યારે,
કહે અખો ઉતર્યો ભવપાર. સમજણ. ૬

પદ-૧-હોરી—(ભલારે દેખો નાથને ધુમ મચાઇ) એ રાગ.

સખીરે દેખો શ્રીકૃષ્ણ ખેલત હોરી, ટેક.
માથે મુગટ જરકશી જામો, ભાલમેં તીલક કરયોરી. હેરી. (૨)
કાને કુંડલ કર કડાં સાંકળાં, કંઠમાં હાર ધર્યોરી.
સંગહે રાધિકા ગોરી. દેખો શ્રીકૃષ્ણ. ૧
મુખ મોરલી મધુરી સોહે, બાજ રહીહે ઘેરી. હેરી. (૨)
વ્રજવાશીકા મન હરી લીના, ઘેલી કીધી ગોપી નારી;
મોરલીમાં મોહ ભર્યોરી. દેખો શ્રી કૃષ્ણ. ૨
ધરમ પાલન કારણ હરીએ, નંદ ઘેર જન્મ ધર્યોરી. હેરી. (૨)
નિર્ગુણ શીરગુણ શ્રી કૃષ્ણ કહાવે, અસુરકા નાશ કર્યોરી;
દેવાદિકો સુખ દિયોરી. દેખો શ્રી કૃષ્ણ. ૩
મથુરામાં જઇ મામા કંસને, હાથે હરિયે હણ્યોરી. હેરી. (૨)
પયપાન કરતાં પુતના મારી, કુબજાકો રૂપ દિયોરી;
એસો પ્રભુ ચરિત્ર કીયોરી. દેખો શ્રી કૃષ્ણ. ૪
ગોકુળમાં રહી ધેનો ચારી, ગોપીની મટુકી ફોરી; હેરી. (૨)
આહીર ઘરની છાશજ પીધી; મહીં માંખણ ખાધાં ચોરી,
ગોવરધન કરપર ધર્યોરી. દેખો શ્રી કૃષ્ણ. ૫
દાસ સોમો ગુણ ગાવા રાજી, આશા પુરણ કરોરી, હેરી. (૨)
અંતરજામી અંતરની જાણો, લાજ રાખ્ય પ્રભુ મોરી;
મેંતો પડયો શરણે તોરી. દેખો શ્રી કૃષ્ણ. ૬

પદ ૨—હોરી.

ભલારે ગુરૂગમ જ્ઞાનસે ખેલું મેં હોરી. ટેક.
ઓહંસોહંકી ભરી પીચકારી, રંગ ગુરૂગમઘોરી; હેરીહેરીલાલા.(૨)
સ્વાસોસ્વાસ ફાગમેં ખેલું, તરવેણીમાં તાલ મચ્યોરી.

બાજ રહી મોરલી મધુરી, ગુરૂગમ જ્ઞાનસે. ૧
અનહદ વાજાં વાગે ગગનમાં, નોબત વાજે ઘેરી; હેરી. (૨)
ગોપકા સરવે આનંદ પામે, ભાન દેહકા ભુલોરી.
દેવાદીક થીર ભયોરી, ગુરૂગમ જ્ઞાનસે. ૨
જ્ઞાન ગુલાલ ઉડને લાગ્યા, અબિર સંતોષ ભયોરી; હરી. (૨)
પ્રેમ કેસુડાંસે રોમરોમ ભીજ્યાં, સત્યકો રંગ ચડયોરી.
તનમનકો મોહ ટળ્યોરી. ગુરૂગમ જ્ઞાનસે. ૩
આઠો જામ પીયા સંગ મહાલું, સુન શીખર સુરત મોરી; હેરી. (૨)
અમૃત રસકા પીધા પ્યાલા, વિષયા વિષકું ઢોરી.
નીજાનંદ ઉર ભયોરી. ગુરૂગમ જ્ઞાનસે. ૪
ગુરૂવચનમેં વિશ્વાસ ધારી, કાયામેં ખોજ કરોરી;
મન મંદિરિયામેં દેખો તપાસી, હરિહે હાજર હજુરી.
સોમા કયું બાહેર ભટકોરી. ગુરૂગમ જ્ઞાનસે. ૫

પદ ૧—રાગ બિહાગ.

સંતોરે પ્યાલો પ્રેમનો મેં પીધો,
લેહે લગન ત્યારે ઉપની, લ્હાવો ગુરૂ સાથે લીધો. સંતોરે. ટેક.
ભાઇરે ગંગા જુમનાંને સરસ્વતી, કાયા ઘટમાં રહે છે;
જ્ઞાન ગોમતી ઘાટમાં, સંતજન સ્નાન કરે છે. સંતોરે. ૧
મન તો રે નિરમળ થયું, નુર નજરોમાં આવે;
બીજા અન્ય સાધન તે શું કરે, તાળી હરી સાથે લાવે. સંતોરે. ૨
હરીજન હોય તે તો એમ બોલે, દુરિજન દૂર ધાવે;
સદગુરૂને સેવ્યા વિના, હરી નેરા ન દરસાવે. સંતોરે. ૩
સુરતા હોય હરી મળવા તણી, તો સત્સંગમાં ધાઓ;
વેગે મનુષ્યા જન્મ વહી જાશે, પાછળ થશે પસ્તાવો. સંતોરે. ૪

જગ કર્ત્તા ઇશ્વર તણું, નથી કાંઈ અજાણ્યું;
મિશ્રીત કર્મનું ફળ આપશે, સુખ સ્વર્ગજ તણું. સંતોરે. ૫
પુન્યનો ભોગવટો જ્યારે પુરો થશે, પાછા ફરવું પડશે;
મૃત્યુ લોકમાં રહેશો ભટકતા, ચોરાશીનું લગડું ચઢશે. સંતોરે. ૬
ભાઈરે ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું, તે વચનને પરમાણો;
મનના પ્રપંચ મુકી દેઇ, સત્ય વસ્તુને જાણો. સંતોરે. ૭
લાલચ મુકી હરીને ભજો, કાયા કલેશ ન વાધે;
મુક્તાનંદ ચરણે સોમો ભણે, મોક્ષ પદ લાધે. સંતોરે. ૮

પદ ૨—રાગ બિહાગ.

નાથ કેસે સુરદાસકો કર સહાયો; તુંમ અંતરજામી કહાયો. નાથ કેસે. ટેક.
નિજ ભક્તને કારણ વિભુ, ઝટપટ ઉઠકે ધાયો;
કુપમેં ગીરત ઉગારી લીનો, લાઠી પકડકે હઠાયો. નાથ કેસે. ૧
રકઝક બહોતેરી કીના, ના ના મુખસેં કહાયો;
ચરિત્ર ભરે હો પ્રભુ મેરે, તુંહી મેરે મન ભાયો. નાથ. ૨
અબ કહા જાઓ મેરા પ્યારા, ઢુંડત ઢુંડત હાથ આયો;
છોડું નાંહી પ્રાણ જાવે તબ, હરી દરસ દિખાયો. નાથ. ૩
સાથ લે ગયે નીજ ધામ પદ, રચનેકો આરંભ કરાયો;
રચતે રચતે શરીર છુટયો, પીછે સુરશ્યામ કહાયો. નાથ. ૪
પહેલા બિગડયા સોહી સુધર્યા, હરિસંગ ચિત જોડાયો;
કહે સોમો પ્રભુ તુમ્હારે ચરણકો, મોહે ભરોસાં આયો. નાથ. ૫

પદ ૩—રાગ બિહાગ.

નાથ તેરી માયાકે વશ પ્રાણી, માયા દેખી જગ ભરમાણી. નાથ. ટેક.
ધન પુત્ર દારા કે કારણ, સાધે ભૈરવને ભવાની;
જંત્ર મંત્ર તંત્ર કરાએ, ત્રિવિધિ તાપે તપાણી. નાથ. ૧

બાધા આખડી ઘણેરી રાખે, દેવને દેવાળિયા માની;
કામના પુરચા પછી કથા કરાવે, પોતાને શાહુકારી જાણી. નાથ. ૨
દેવને છેતરવા બેઠી, મેવા બતાવી કલ્લી લે તાણી;
દેવ કોઈના છેતરયામાં નાવે, સમજ્યો ન મૂઢ અજ્ઞાની. નાથ. ૩
માયા મિલે તો ધર્મ દે ત્યાગી, ભક્તિ ઊંચે બાંધે તાણી;
નીજ સ્વાર્થ માટે હિંસા કરાવે, દયા ઉરમાં ન આણી. નાથ. ૪
એમ કરતાં જો બાળ ન થાય, પછી વહેમમાં વેચાણી;
ભૂત કઢાવા જાય ભુવા ઘેર, ધુણી ધુણી ડોક થકાણી. નાથ. ૫
ક્યાંથી ભૂત પેઠું કયા થઇને ગયું, તેની ખબર નવ જાણી;
ગાંઠનું નાણું ગુમાવી બેઠો, નર નારીનું કહેવું માની. નાથ. ૬
તોએ કાંઇ કાર્ય સરચું નહિ, ત્યારે પાછળથી પસ્તાણી;
હવે તો કામ કોણુજ કરશે, એમ ઉમ્મર આખી ગમાણી નાથ. ૭
નાથનું નીરમેલું શકયો નહી સમજી, આપ મત આગળ તાણી;
વિશ્વાસ વિના અથડાઇ મરે, અંધી દુનીયાં અજાણી. નાથ. ૮
માત ઉદરમાં રક્ષણ કીધું, છોડી ગર્ભવાસ ખાણી;
કહે સોમો પ્રભુને વિસારી, અવરસે જઈ બંધાણી. નાથ. ૯

મનહર છંદ.

આપનોહી ભાવસો તો, આપકો પ્રગટ હોઇ,
આપહી આરોપ કરી આપ મન લાયોહે;
દેવી અન્ય દેવકો ઉભાવસે ઉપાસે તાહી,
કહે મેંતો પુત્ર ધન ઇન હેતે પાયો હે;
જેસે સ્વાન હાડકું ચુશી કરી માને મોદ,
આપનોહી મુખ ફોરી લોહી ચુશી ખાયો હે;
તેસેહી સુંદર એહ આપહુ ચૈતન આઇ,
આપકે અજ્ઞાને કરી ઓરસું બંધાયો હે. ૧

ભજન ૧—(ગુરૂ પાંચ તત્વ મિલકેજી.) એ રાગ.

ગુરૂ તન તંબુરા મન મંજીરે, તારમાં તાર મિલાયારે; ટેટ.
ગાંજા પીધા ગુરૂ ગમકા, આપમાં આપ દરસાયારે. ગુરૂ. ૧
અગમ નીગમ સુજવા લાગ્યા, ભેદ ભરમ ઉડાયારે;
ઓહંસોહં દો એકતા મિલકે, પ્રેમ ભજન ધુન લાયા. ગુરૂ. ૨
સત્ય શબ્દ પ્રમાણા લેકે, હજુરી પટા લખાયારે;
ખરાની સમશેર કરમાં ઝાલી, સુરતી સાખે ગવાયા. ગુરૂ. ૩
બાવન અક્ષર બહાર બોલે, રૂપરંગ નહિ કાયારે;
નવ તીન પાંચ પચીશકા પરે, આત્મ અમર પરખાયા. ગુરૂ. ૪
તન મનકા નેહ છુટયા, જગકા ભાન ભુલાયારે;
જ્યાં દેખુ વાં સાહેબ દરસે, દરિયા લેહેર સમાયા. ગુરૂ. ૫
ગુરૂ શિષ્યકી ગમ નહિ મોએ, ધ્યાતા ધ્યાન બિસરાયારે;
શબ્દ ઉચારે નહિ વેદ વિચારે, સો અનુભવ ઉર આયા. ગુરૂ. ૬
સબ કછુ કરતા તોએ અ કરતા, જલપાદક ન પરસાયારે;
સોમા સદગુરૂ પુરા મળિયા, ભેદ ખોલ બતાયા રે. ગુરૂ. ૭

ભજન ૨—(લેને લેને લાભ જીવને જોતાં નહી જડે)એ રાગ.

જો અંતરમાં આતમ રામ, બહાર ભીતર સઘળે;
બાહેર ભીતર સઘળે, ભુલ્યા ભમતા ફરે. અંતરમાં. ૧
સદગુરૂ શરણે ગયા વિના, જે હાથે સાધન કરે;
અજ્ઞાની આફળે ઘણું, સદનોમાં જોતા ફરે. અંતરમાં. ૨
આપની ઉરમાં ગળે નહી, ને પરને બોધ કરે;
ઇશ્વરને પરોક્ષ જાણી, તિરથોમાં અથડાઇ મરે. અંતરમાં ૩
વિના વૈરાગે વાણી કથે, આપોપું ન ગળે;
અધુરીઆ આથડે ઘણું, અતિ આશ વિષયની કરે. અંતરમાં. ૪

જ્ઞાન વિના શબ્દ ગુણુ ગાયે, ગુરૂની ગમ ન મળે;
તાર બજાવી લોક રીજાયે, તેમાં કારજ શું સરે. અંતરમાં. ૫
પુરણુ ભાગ્યે સદગુરૂ ભેટે, તેનું ભાગ્યજ ભળે;
ગુરૂ શબ્દને ગ્રહણુ કરી લે, તો પાસમાં પ્રભુ મળે. અંતરમાં. ૬
ગુરૂ મુક્તાનંદ પ્રતાપે, દાસ સોમો એમ ઉર ધરે;
સદગુરૂ સાને જે જન વર્યા, તે સત્ય સ્વરૂપે ભળે. અંતરમાં. ૭

પદ ૨—રાગ ઉપરનો.

મને સદ્ગુરૂ કેરી સાનમાં તો, સોહંગ બુટ્ટી જડી;
સોહંગ બુટ્ટી જડી મારી સુરતા સાહેબ સંગ વરી. મને સદ્ગુરૂ. ૧
સોહંગ બુટ્ટી ચૌદ ભુવન, વૈકુંઠમાં પસરી;
અણુઠામ ઠાલો ન દિસે, જ્યાં જોઉ ત્યાં હરી હરી. મને. ૨
દેવ દાનવને નાગ મુનીમાં, સોહંગરામ રહ્યા રમી;
વેદ શ્રતિ શાખ વદે, બોલે તે બીજો નહિ હરી. મને. ૩
દ્વૈત ભાવના છુટી હમારી, એક અદ્વૈતની પારખ કરી;
તન મનની તૃષ્ણા ત્યાગી, મોહ મમતા થઇ પરી. મને. ૪
તોડી પાડયો કોટ કુબુદ્ધિ, કર્મ ભર્મ ગયા લે ટળી;
શબ્દસે સુરતા જાગી, બ્રહ્માનંદમાં ભળી. મને. ૫
દોઉ કર જોડી દાસ સોમો, કહે છે કરગરી;
સ ્ગુરૂ સંત મળ્યા, તો આદ્ય મુક્તિ મળી. મને. ૬

પદ ૩ જું—રાગ ઉપરનો.

સમર સમર નીજ નામ, અવસર આવો નહિ મળે;
આવો નહિ મળે, ફેરા લક્ષ ચોરાશી ટળે. સમર. ૧
અવર ઉપાસના કર્યાથી, કાંઈ કારજ નહિ સરે;
આકડાના વૃક્ષથી, અંબ ફળ ના ઉતરે. સમર. ૨

કલ્પ વૃક્ષ છાંયા છોડી, જઇ બેઠો બાવળીયા તળે;
ઉખર કેરા જળથી કાંઇ, પ્યાસ પુરી ના ધરે. સમર. ૩
નીજ કરતા પ્રભુ વિસારી, દેવીદેવતાનું સમરણુ કરે;
કોણુ આવી છોડાવે, અંતે જમના હાથે ચડે. સમર. ૪
જ્ઞાન હિણુાને ગમ ન પડી, માયા અંધારી વડે;
તુચ્છ સુખને સત્ય માની, હાથે ફાંસો ઘાલ્યો ગળે. સમર. ૫
કાષ્ટ નાવમાં બેઠા વિના, બેઠો તરવા પથ્થરવડે;
પાર તો પહોંચે નહીં, કીનારે બૂડી મરે. સમર. ૬
ચૈતન પુરૂષને સેવે તો, ભવસાગર સેહેજે તરે;
સોમદાસ સદગુરૂ પ્રતાપે, પાછો ફેર ના ફરે. સમર. ૭

પદ ૪ થું—રાગ ઉપરનો.

હરીનું લેતાં નામ, જીવડા આળસ તું કેમ કરે;
આળસ તું કેમ કરે, શીરપર કાળનું ચક્ર ફરે. હરીનું.૧
જેમ તેતરને પકડવા બાજ, ફેરી ફર્યા કરે;
નાસતાં કુદતાં મંજારી, મુષાના પ્રાણુજ હરે. હરીનું. ૨
પાણીનો પરપોટો કાયા, પળમાં તે તો પડે;
મારૂ મારૂં કરી મિથ્યા, અભિમાનમાં શીદ મરે. હરીનું. ૩
તારૂં તેમાં કાંઇ નથી, તું જો વિચારીને ખરે;
સામગ્રી સૌ હરીતણી, તેમાં ધણીઆપું શીદ ધરે. હરીનું. ૪
તારૂં ધાર્યું થાશે નહી, અણુધાર્યું આગળ પડે;
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી ન ફરે. હરીનું. ૫
હું મારૂં હરીને અરપી, જો ધ્યાન નિરંતર ધરે;
સોમદાસ સદગુરૂ પ્રતાપે, ભવસાગર સેજે તરે. હરીનું. ૬

ભજન—મહીના-આતમજ્ઞાનના. (સખી પડવે તે પંથે સીધાવ્યારે.)-એ રાગ.

કારતક માસે કઠણ મારગ કાપ્યોરે, સત શબ્દ ગુરૂજીએ આપ્યોરે;
તે રસ રોમ રોમમેં વાપ્યો. હરીરસ પ્રેમથી મે તો પીધોરે. ૧
માગશર માસે મરજીવા થઇનેરે, સત્‌ગુરૂના શરણામાં રહીનેરે;
કર્મ ધોયાં જ્ઞાન ગંગામાં નાહીને. હરીરસ પ્રેમથી. ૨
પોષ માસે પરમ પદ પામ્યોરે, તાપ ત્રિવિધિના વિરામ્યોરે;
હવે હરી આકાર રંગ જામ્યો. હરિરસ પ્રેમથી. ૩
મહા માસે તો મન મારૂં માન્યુંરે, સુખ નીજાનંદ નિત્ય જાણ્યુંરે;
ટળ્યું તીમરને ભભકયો છે ભાનું. હરિરસ પ્રેમથી. ૪
ફાગણ માસે નફિકરા થઇ ફરિયેરે, બીજી અન્યોપાસના શું કરીએરે;
ધ્યાન નીજ આતમનું ધરીએ. હરિરસ પ્રેમથી. ૫
ચૈતર માસે ચિંતામણી સાચીરે, સુરતા સોહંગ સંગ રાચીરે;
હું તો ગગને ચઢી હવે ગાજી. હરિરસ પ્રેમથી. ૬
વૈશાખ માસે વિચાર એ કીધોરે, લહાવો ગુરૂગમનો લીધોરે;
અજરામૃત પ્યાલો પીધો. હરિરસ પ્રેમથી. ૭
જેઠ માસે જગજીવન મળિયારે, બાહેર ભીતર સબળ ભરિયારે;
ફેરા આવાગમન હવે ટળિયા. હરિરસ પ્રેમથી. ૮
અષાડ માસે આનંદમાં રહીએરે, પીઉનાં દેદાર પળ પળ લઇએરે;
હવે વહેતામાં શીદ વહીએ. હરિરસ પ્રેમથી. ૯
શ્રાવણ માસે સચિદાનંદ સ્વામીરે, સબઘટ વ્યાપક અંતરજામીરે;
એ તો અરૂપ છે અનામી. હરિરસ પ્રેમથી. ૧૦
ભાધરવે બ્રહ્મમાં ભળિયારે, વિત્યા દિવસ પાછા વળિયારે;
મારાં સરવે કારજ સરિયાં. હરિરસ પ્રેમથી. ૧૧

આસો માસે અખંડ આત્મ જાણ્યોરે, પૂર્ણાનંદ મેં પિછાણ્યોરે;
ઉલટ કે આપમાં સમાણો. હરિરસ પ્રેમથી. ૧૨
અધિક માસે અનુભવ જાગ્યોરે, સતગુરૂ શબ્દનો રંગ લાગ્યોરે.
ભવ સંસારનો ભય ભાગ્યો. હરીરસ પ્રેમથી. ૧૩
સંવત ઓગણી સીતેરની સાલેરે, કારતકી પુનમને ગુરૂવારેરે;
સંત પધાર્યા મારે દ્વારે. હરીરસ પ્રેમથી. ૧૪
સદગુરૂ મુક્તાનંદ સ્વામીરે, પુરણાનંદ અંતરજામીરે;
દાસ સોમો કહે શીશ નામી. હરીરસ પ્રેમથી. ૧૫

ભજન—(નાથ તુમ જાનત હો સબ ઘટકી.) એ રાગ.

સાહેબ બોલતહે સબ ઘટમેં, ગુરૂગમ જ્ઞાને ગોતીને જોતાં;
પાયો ઉલટ સુલટમેં, સાહેબ બોલતહે સબ ઘટમેં ટેક.
સાહેબ મુજમેં મેં સાહેબમાં, અબ નહી સાહેબથી જુદા મેં;
જેમ બીજ માંહી વટ રહતહેં, બીજ રહતહે વટમેં. સાહેબ. ૧
સાહેબ સત્તાસે સબ હાલત ચાલત, રહતહે આનંદ મગનમેં;
ચમક દ્રષ્ટી જેમ લોહક ચલાવે, પણ ક્રિયા ન દિસે ચમકમે. સા. ૨
અંતર પડદે રહી ખેલ કરતહે, મોહ પમાડયું જગત માયામેં;
બાજીગર જ્યું પુતલીયાંકુ, લટકા કરાવત આપસમેં. સાહેબ. ૩
ન્યારા રહેકર નાચ નચાવે, વ્યાપક ચૌદ ભુવનમેં;
વ્હે ખેલે વ્હે ખેલાવે, ગાવે ઉપનીષદમેં. સાહેબ. ૪
બ્રહ્મજ્ઞાની ગુરૂ મુક્તાનંદ મળિયા, સમજાયો સાનુમેં;
દાસ સોમો હવે દીસત નાંહી, અસ્તિ ભાતિ પ્રિય રૂપમે. સા. ૫

ભજન—સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ—એ રાગ.

સમરી લે શ્રી રામ, હો મન મેરા સમરી લે શ્રી રામ.
રામ નામ છે સમરણ સાચું, અંતે આવશે તારે કામ. હે મન. ૧

ભજ નિરંતર અંતરમાંથી, બેસે નહી કાંઇ દામ. હો મન. ૨
ધન જોબન ભગનિ સુત દારા, એ સ્વારથીયાં છે તમામ. હો મન. ૩
કાયા ને માયા બાદલની છાયા, પલ રહે ના ઠામ. હો મન. ૪
સાચું શરણું લે શ્રી હરિનું, પતિત પાવન ઘનશ્યામ. હો મ. ૫
ભક્ત ઉધારણ ત્રિભોવન તારણ, સુખસાગર સુખધામ. હો મન. ૬
દાસ સોમા નામ સમરણથી, ઠરીને બેસીશ તું ઠામ. હો મન. ૭

અથ થાળ લિખ્યતે.

હરી હેતે જમવા આવોરે, નંદ સલુણા;
આવો તો લઈએ લાહાવોરે પ્રીતે પરૂણા. ટેક.
વાલાજી મારા સકળ સામગ્રી છે તમારી,
લેઇ અરપુ દેવ મોરારીરે. નંદ સલુણા. ૧
વાલાજી મારા જળ જુમનાનું સારૂ;
તમ પાવલીઆ પખાળુરે. નંદ સલુણા. ૨
વાલાજી મારા ચંદન ઉતારી મેં રાખ્યું;
માહી કેસર તો નાખ્યુંરે. નંદ સલુણા. ૩
વાલાજી મારા ગુલાબ ફુલની ગુંથી માળ;
હેતે પેહેરાવું હરી હારરે. નંદ સલુણા. ૪
વાલાજી મારા પ્રેમનાં પકવાન કીધાં સારાં;
વિવેક વૈરાગ ખટ સંપતિ વાળાંરે. નંદ સલુણા. ૫
વાલાજી મારા શ્રદ્ધાનો શીરો મેં તો કીધો;
પીરશીને આગળ દીધોરે. નંદ સલુણા. ૬
વાલાજી મારા ભાવનાનો ભાત છે સારો;
સામાધાન ઘીદોરો વાળ્યોરે. નંદ સલુણા. ૭
વાલાજી મારા સંશયનું શાક મેં તો કીધું;
દાળમાં અટામણ શાન્તીનું દીધુરે. નંદ સલુણા. ૮

વાલાજી મારા હું ભાવ તું ભાવનાં પાન બીડાં;
એકમાં અનેક છે મીંડાંરે. નંદ સલુણા. ૯
વાલાજી મારા મુખવાસ કરજો ભાવે;
દાસ સોમો મન રીઝાવેરે. નંદ સલુણા. ૧૦

ભજન—(ધન ગુરૂ દાતા મેરા.)–એ રાગ.

ધન્ય આજ દંનનેરે. ધન્ય આજ પળનેરે, સદગુરૂ સંત પધારેજી.
ચરણ પખાળીને ચરણામૃત લેઉં તો, પ્રાશ્ચીત સઘળાંરે જાયજી. ૧
ગરજના ગોદડાંને, દીનતાના તકીયારે, પ્રેમ કેરી ચાદરો બીછાવુંજી;
અગર ચંદન નીરે, આડ લીલાટે કરૂ, ચીતરૂપી ચોખલીએ વધાવુંજી.૨
પ્રેમ કેરા પુષ્પને પ્રેમ કેરા ગજરારે, હરખનો હાર પેહેરાવુંજી.
પંખેથી ઢોળુંરે, ઝીણા ઝીણા વાયરારે, ભાવનાની આરતી ઉતારૂંજી.૩
પ્રીતિ નીરે નીતી જોઇને,સદગુરૂ રીઝયારે, દીયા મહાવાકય ઉપદેશાજી;
જનમ મરણકારે બંધન કાપ્યા તો, છુટી ગયા દેહ અધ્યાસાજી. ૪
સદગુરૂ મળીયા માહારા સરવે કારજ સરીયાંરે, નીરગુણનાથ
ઘેર આવ્યાજી;
મુક્તાનંદ પરતાપે દાસ સોમો કેહેછેરે, તો જમકેરા દાંણુચુકાયાજી.૫

પુનમચાંદનીના ગરબાનો રાગ.

હરીજન સમજુ થઇને સદગુરૂ સંતોને સેવજોરે;
ગરજુ થઇને રહેજો, પામવા આત્મજ્ઞાન.
પ્રથમ માન બડાઈ ઇરષા મમતા મેલજોરે;
સાખી—વેદવેત્તા બ્રહ્મનિષ્ટની, શરણે રહેવું સજજન;
કલ્યાણકારક એહ છે, ત્યાં અરપો તનમન ધન;
નિહ:સંદેહ બોધ પામો, વામો ત્રિવિધિ તાપ,
અનેક જનમનાં અઘઓઘ, સંચીત મૂળ સઘળાં બળેરે. હરી. ૧

સાખી—પતંગીયા સમ પ્રેમથી, કરવો સદ્ગુરૂ સંગ,
        કીટનો ભ્રમર બને, ચડે સંતનો રંગ;
રંગતો ચઢશે સરશે, સેજે સઘળાં કાજ;
દિનતા ત્યાગીને આવશે દશા રાજનીરે.   હરીજન. ૨
સાખી—નિશ્ચળ અંતઃકરણથી, ધારણુ કરવાં ગુરૂનાં વેણુ;
        સ્વયં ભાનુ ભભકશે, નિવૃત્ત થાશે રેણુ;
પછી જગત સઘળું નિજાનંદ રૂપ ભાસશેરે;
થાશે અંતરમાંથી દ્વૈત ભાવના દૂર.   હરીજન. ૩
સાખી—જીવ શિવ ભેદ ભ્રાન્તિ ટળે, આવે સુખ નીજ ઘેર;
        હરતાં ફરતાં બેસતાં, ઉપજે આનંદની લહેર;
આનંદ ઉપને સુપને દુઃખને તો દેખે નહીરે;
સાક્ષીરૂપે વરતે દેહ સંબંધીનો સાથ.   હરીજન. ૪
સાખી—જીવતાં મોક્ષ પદવી મળે, અવિચળ સુખ અનંત;
        જો જાણે સહુ આપમાં, પશુ પક્ષી જીવ જંત;
સચ્ચિદાનદ વિના ઇતર કંઇ દેખે નહીંરે;
તેને ગ્રહેવું તજવું થાશે સરવે સમાન.   હરીજન. ૫
સાખી—પૂરવ પુન્ય પ્રતાપથી, મળ્યા મુક્તાનંદ ગુરૂદેવ;
        દાસ સોમાપર દયા કરી, લખાયાનીજ ભેવ;
અભેદ અછેદ અડોલ અખંડ અનાદી આતમારે;
ન આવે ન જાવે વેદ સ્મૃતિ નીત્ય ગાય.   હરીજન. ૬

અથ આરતિ લિખ્યતે સાતવારની.

ધન ધન ગુરૂદાતા, ગુરૂ ધન ધન ગુરૂદાતા;
સત્ય સુખ નિત્ય પ્રકાશી, વિભુ અધિષ્ઠાતા. ધન ધન ગુરૂ. ટેક
આદિત્યે આદ્ય અક્ષર, ઓહં સ્વરૂપ કહાવો; (૨)

નામરૂપ આધારા, મન વાણીમાં નાવે. ધન ધન. ૧
સોમે સુધ બુધ હોય, તે જન તે જાણે; (૨)
પરમાનંદ સુખ સોઇ, સંતજન માણે. ધન ધન. ૨
મંગળે મંગળતા થાય, વિઘ્ન અનેક નાસે; (૨)
ચરણ કમળ ચિત્ત ધરતાં, આપ મળે પાસે. ધન ધન. ૩
બુધે બુદ્ધિના પડદા માંહ્ય, રહીને તમે બોલો; (૨)
ભોગી ભોગ તણારે વિલાસી, તે ન જાણે જોલો. ધન ધન. ૪
ગુરૂ ગોવિંદ એકરૂપ અનૂપ, રૂપ જગમાં ધરતા;
પતીતપાવન સ્વામી, ભક્તોનાં સંકટ હરતા. ધન ધન. ૫
શુક્રે સદ્‌ગુરૂ શુદ્ધ સ્વરૂપ, અરૂપ અનામી કહાવે; (૨)
ગુણાતિત ગોવિંદા, હરીજનોને ભાવે. ધન ધન. ૬
શનિએ સમજે સાન, ભાનુ ઉદય થાશે; (૨)
સોમા ગુરૂ સમરણથી, જનમ મરણ જાશે. ધન ધન. ૭

કાયારૂપી બંગલાનું ભજન.

બંગલો અજબ બનાયો હોજી,
બંગલો અજબ બનાયો મેરે દાતા; બંગલો અજબ બનાયોહોજી. ટેક.
ઇસ બંગલેમેં દસ દરવાજા,
ખૂબ સૂરત સોહાયો. મેરે દાતા. બં. ૧
પાંચ તત્વકો બંગલો બનાયો,
કર્મકો ઠાઠ રચાયો હોજી;
મન અજ્ઞાને માગીને લીધો,
રજ બીંદુસે બંધાયો. મેરે દાતા. બં. ૨
સુરતકી સીડી પવન કેરા થંભા,
તૃષ્ણાકો ચણતર ચણાયો હોજી;

આપે કડીયા આપે ચીતારા,
આપ અણુઘડ સાહેબ સમાયો. મેરે દાતા. બં. ૩
કાયા બંગલો સરસજ બનીયો,
એહી મેરે મન ભાયો હોજી;
બંગલો મીલ્યો તબ સાહેબકું પાયા,
ઘટ ભીતર દરસાયો. મેરે દાતા. બં. ૪
ખેલ ખોટા પણ ખૂબી ખરીહે,
પાયો કાચો ઉઠાયો હોજી;
કહે સોમો સદ્દગુરૂ પ્રતાપે,
બંગલો મેં ના કહાયો. મેરે દાતા. બં. ૫

ભજન ૧.

(અમને ખોજી કાયારે ભેદ અંતરકા પાયાજી.) એ રાગ.

ગુરૂકા ભજન કરૂંગારે, મરણુસેં નહી ડરૂંગાજી; ટેક.
મનકું વાળ્ય હરિસંગ ધાવુ, કુબુદ્ધિકું તોડુંગા ભાઇ;
કુડ કપડ પરપંચ છાંડી, ચિત ચૈતનમેં જોડું. ગુરૂકા. ૧
નુરત સુરતકુ એક ઘર લાવું, સુષુમણા સંગ ખેલુંગા ભાઇ;
ઓહંસોહંકા જાપ જપકે, નીજ આનંદમાં મહાલું. ગુરૂકા. ૨
ધન ગુરૂ મેરા ધન ગુરૂ દાતા, મોહે દીયા ઉપદેશારે ભાઈ;
જનમ મરણુકા બંધન કાટ્યા, દુંખહે નહિ લેસા. ગુરૂકા. ૩
પંચભૂતકા ભાવ છોડાયા, પંચાતિત પરખાયારે ભાઇ;
જાગ્રત સુપન સુષુપતિ મુકી, તુરિયાતીત ઠરાયા. ગુરૂકા. ૪
તુરીયાતીત અચ્યુત ઘર પાયા, ન્હાં નહીં કારણુ માયારે ભાઇ;
અજર અમર એક આત્મ નિજહે, યેહી મેરે મન ભાયા. ગુરૂકા. ૫
જીવ શીવકા ભેદ મીટાયા, આપો આપ ઓળખાયારે ભાઈ;
ગુરૂ મુક્તાનંદ પુરણુ મળિયા, સોમાકું સમજાયા. ગુરૂકા. ૬

ભજન ૨—રાગ ઉપરનો.

ગુરૂ ગુરૂ ભજન કરીનેરે, મનવા ઠીક ઠરી લેજી. ટેક.
ગુરૂ શબ્દમાં ચિત્ત પરોયા, ચૌદ બ્રહ્માંડપતી જોયારે ભાઈ;
ઈંગળા પીંગળા સુષુમણામાં, મનવા મેરા મોહ્યા. ગુરૂ ગુરૂ. ૧
બેસતાં ઉઠતાં હરતાં ફરતાં, હરદમ નામ સમરીએરે ભાઈ;
પ્રેમના તો છુટે ફુંવારા, આનંદ મગનમાં રહીએ. ગુરૂ ગુરૂ. ૨
સુરતા હમારી સોહંગસંગ રાચી, ઓર કલપના ત્યાગીરે ભાઈ;
દ્રઢ આસન કીયા અભે ઘરમાં, જોયું નેનથી જાગી. ગુરૂ ગુરૂ. ૩
આગે પીછે બાહેર ભીતર, સચરાચર દરસાયારે ભાઈ;
નીજ આતમ ન આવે ન જાવે, એહી નીશ્ચે મન આયા. ગુરૂ ગુરૂ. ૪
આદ્ય અંતને મધ્યમાં સરખા, ઉત્પત્તિ લયમાં ન આયારે ભાઈ;
અગ્નિ જળ પવન ના સોષે, સ્વયં જ્યોતી શ્રુતીયે ગાયા. ગુરૂ ગુરૂ. ૫
એહી ધાગામાં નામરૂપ મણકા, જગત સબ લખાયારે ભાઈ;
દેવી દેવતા પીર પેગંબર, વાંણી વેદ સમાયા. ગુરૂ ગુરૂ. ૬
પૂરણ ભાગ્યે સંતજ મળિયા મુક્તાનંદ ગુરૂ પૂરારે ભાઈ;
દાસ સોમાને સમશ્યા બતાવી, નિર્મળ વરસે નૂરા. ગુરૂ ગુરૂ. ૭

ભજન-૩ (ચૈતન દદી રમત હાથ ચડી.) એ રાગ.

હરીજન સતસંગમાં કરો હડી, અવસર આવો નહી આવે ફરી ફરી;
આત્મ જ્ઞાન સંપાદન કરવા, મનુષ્યા દેહ આવ્યો છે મળી;
તેનું તે શું સાધન કરવું, વેગે જતન લ્યો કરી. હરીજન. ૧
અણુ સમજે ક્રિયા કર્યાથી, મમતા નહી થાય પરી;
મંઝારી કાઢતાં ઊંટ પેસે, જાય ચોરાશી ચાકડે ચઢી. હરીજન. ૨
ગુરૂગમ કુંચી જો હાથજ લેવે, તો હુંપદની સમે હોળી;

શીરના સાટે બ્રહ્મ રસ પીવો, મોહ માયા મેલો પડી. હરીજન. ૩
હરીજન હોય ને હંસગતી હાલે, કાગમતી દૂર કરી;
સાર અસારનો વિચાર કરી, સાચાં મોતીડા લે ચરી. હરીજન. ૪
કલ્પ વૃક્ષ સતસંગ કહીએ, મન ઇચ્છા પૂરણુ લ્યો કરી;
ચાર પદાર્થ પામશો, જાશે ગર્ભવાસ દુઃખ ટળી. હરીજન. ૫
પૂરવ પુન્યે ગુરૂ મુક્તાનંદ મળિયા; મોક્ષની મોજો મળી;
દાસ સોમો કહે ભાગ્યજ ભળિયું, જન્મ સફળ દીધો કરી. હરી. ૬

ભજન—(પ્રભુકો ભજન ના કીયો લોભી મને તેં)–એ રાગ.

સતસંગ કબુ ના કીયો અભાગી જીવ તેં. સતસંગ.
નિરવરતી તો સ્વપ્ને ન પામ્યો પ્રવરતીપુરમાં વહ્યો.
અભાગી જીવ તે સતસંગ કબુ ના કીયો. ૧
વહેવારમાંરે પુરેપુરો થઇ હાલ્યો;
પરમારથ અર્થ ના લહ્યો. અભાગી. ૨
મનુષ્યાદેહી દેવતાકુંરે દુર્લભ,
જન્મ અકારથ વહ્યો. અભાગી. ૩
આત્મ જ્ઞાન હીરદામાં ન આવ્યું,
હંસ થઇ કાગમાં ભળ્યો. અભાગી. ૪
સત્યનેરે છોડી અસત્યે જઈ વળગ્યો,
સત્ય દેહ માની લીયો. અભાગી. ૫
આશા ને તૃષ્ણાના પુરે જઇ ચઢીયો,
વિષય વિષ ઘોળી તેં પીયો. અભાગી. ૬
કહત સોમદાસ જોને જીવ જાગી,
અવસર જાય છે વહ્યો. અભાગી. ૭

ભજન—(હમને ખોજી કાયારે)—એ રાગ.

ગુરૂકા ખોજ કીયા દીલમેં, પાયા બુદ્ધિકે પડદેમે;
ગુરૂએ પડદા લીયા ઉઠાઇ, નુર આયા નજરોમેંરે ભાઈ.
સબ જગતમેં છાયા ઉનકી, જલ અગ્નિ પવનમેં. ગુરૂ. ૧
નર ઓર નારી સબ મેં દેખ્યા, દેખા પશુ પક્ષી મેં રે ભાઇ;
જયાં દેખું વાં રૂપ ઉસીકા, ઝાડ પહાડ પત્તેમેં. ગુરૂ. ૨
જલ થલમેં સાહેબકા વાસા, બોલતાહે ઘટોઘટમેંરે ભાઈ;
પુષ્પમેં જયું બાસ રહતહે, તેલ રહેતાહે તલમેં. ગુરૂ. ૩
જયું કાષ્ટમેં અગ્નિ રહતહે, ઘૃત રહેતાહે દૂધનમે રે ભાઇ;
મથન કીયાસો માખણુ પાયા, દરશ્યા અરસ પરસ મેં. ગુરૂ ૪
ખોજંતા તો ખૂદહી પાયા, પરખ્યા દેહ દેવલમે રે ભાઇ;
અમ્મર દેવકાહે માંહી થાણા, ના આવે જન્મ મરણમેં. ગુરૂ. ૫
સૌમાં સરખા છે અવિનાશી, ખેલે મુગત મેદાનમેંરે ભાઈ;
અધર નિરાધાર આસન ઉનકા, વ્યાપક ચૌદ ભુવનમેં. ગુરૂ. ૬
રાત દિવસ મગનમેં રહીએ, નાહીએ સત્સંગતમે રે ભાઇ;
દાસ સોમાને ગુરૂ મુક્તાનંદ મળિયા, વાસ કીયા નિજ પદમેં. ગુરૂ. ૭

ભજન—રાગ ઉપરનો.

ગુરૂએ જ્ઞાન બતાયારે, મેરે મન એહી ભાયાજી. ટેક.
અંતર ધ્યાન ધરીને જોયા, કુદરતકા રંગ છાયારે ભાઇ;
બીના દીપક જોત ઝલકે, મહીં વીશ્વનાથ સમાયા. ગુરૂએ. ૨
વીશ્વનાથકું હમને દેખ્યા વામે ચીત્ત પરોવાયારે ભાઇ;
અબ કછુ જોના રહ્યા ન બાકી જોનાથા સો દીખાયા. ગુરૂએ. ૩
સબ ઘટ વિષ્ણુ મહારાજ દેખ્યા જલ થલ મેં દરસાયારે ભાઈ;
વિષ્ણુ વીના નહીં અન્ય પદાર્થ એહી ભાવ ઉર આયા. ગુરૂએ. ૪

આકાશ પાતાળ ત્રણુ લોકમેં, નુર નજરે વરતાયારે ભાઈ;
કીડી કુંજર રંક રાયમેં, સાહેબ આપ છુપાયા. ગુરૂએ. ૫
તત્વમસિ પદ કીયા તપાસી, જયું કા તું સમજાયારે ભાઈ·
કહે સોમો સદગુરૂ પ્રતાપે, નિજાનંદ ઘર પાયા. ગુરૂએ. ૬

ભજન—રાગ ઉપરનો.

ગુરૂએ નામ સુનાયારે, મનુવા એક ઘેર આયાજી. ટેક.
જોગ જુક્તિ ગુરૂએ શીખવાડી, અધિક પ્રેમ બઢાયારે ભાઈ;
મન ભૂતકુ પ્રાણુ થભે, ઉઠબેશ કરાયા. ગુરૂએ. ૧
શ્વાસોશ્વાસ એ રમત ખેલું, સોહંગસે ધુન લાયારે ભાઈ;
બેસતે ઉઠતે ચલતે ફીરતે, પ્રેમ લેહેર ચઢાયા. ગુરૂએ. ૨
હરદમ તો અબ તાર ન તૂટે, અમ્મર પ્યાલા પાયારે ભાઈ;
લોક કુટુંબકા સંગ છોડકે, સત્સંગસે મન ભાયા. ગુરૂએ. ૩
સત્ય રંગસે મનવા રગ્યા, અજબ રંગ લગાયારે ભાઈ;
જગસે ઊલટા ચલણુ હમારા, નીજાનંદ ઉર છાયા. ગુરૂએ. ૪
આઠ પહોર આનંદમાં રહીએ, બ્રહ્મસાગરમાં ન્હાયારે ભાઈ;
પંથ હમારા સબસે ન્યારા, પંચાતિત લખાયા. ગુરૂએ. ૫
અબ કીસીકા કહ્યા નમાને, ગુરૂ બચનકે સંગ ધાયારે ભાઈ;
એહી હે હમારા મોક્ષકા દાતા, સત્ય વચન સુનાયા. ગુરૂએ. ૬
બ્રહ્મદરસી ગુરૂ મુક્તાનંદ મળિયા, ભેદ ભરમ ઉડાયારે ભાઈ;
દાસ સોમો કહે ગુરૂ સમરણુથી, શબ્દ ખીલે મન બંધાયા. ગુરૂએ. ૭

ભજન—રાગ ઉપરનો.

ગુરૂગમ જ્ઞાન વિચારારે, આણુંદ ઉર અપારાજી. ટેક.
લાલચ છોડી સુરતા જોડી, સોહંગ નામ ઉચાર્યારે ભાઈ;
ત્રિગુણુ તોડયા ગગના ફોડયા, ખોલ્યા બ્રહ્મ દ્વારા. ગુરૂ. ૧

ખોલ્યા દ્વારા હુઆ અજવાળા, સાહેબ નજરે નિહાળ્યારે ભાઇ;
બાળ વૃદ્ધ નહિ શ્યામ સફેતા, સબી રંગસે નિરાળા. ગુરૂ. ૨
પાણીસે પતલા પવનસે ઝીણા, નહિ નેહેર નહિ બહારારે ભાઇ;
નિરગુણ ન્યારા નહિ વાર પારા, સત્ય સ્વરૂપ સંસારા. ગુરૂ. ૩
જન્મ મરણ સબ ધર્મ શરીરા, શોક મોહ મન ધારણ હારારે ભાઈ;
ખાના પીના પ્રાણ પુરૂષકા, ચૈતન્ય સકળ છે નિરવિકારા. ગુરૂ. ૪
નહિ હે મરના નહિ અવતરના, નહિ આવન જાવન હારારે ભાઇ;
નીજ આતમ તો અમર રહુંગા, એહી હે નિશ્ચે હમારા. ગુરૂ. ૫
ગુરૂ મિલ્યા તબ જ્ઞાન પાયા, હુવા અનુભવ અજુવાળારે ભાઇ;
સોમાને ગુરૂ મુક્તાનંદ મળિયા, કરમ ભરમ ભવ ટાળ્યા. ગુરૂ. ૬

ભજન—(પ્રથમ પહેલા સદ્ગુરૂ સમરૂં) એ રાગ.

સદ્ગુરૂને ચરણે નમુ, પ્રેમે લાગું પાયજી;
કરૂણા મુજ ઉપર કીધી, દીનો આત્મ લખાય;
આજ મારે આનંદ ઉર અપારજી,
આણુંદ ઉર અપાર દીની ભરમણા મીટાય;
આજ મારે આનંદ ઉર અપારજી,
સમરૂ સમરૂરે હાં હાં હાં, સોહંગ નામ નીરાધારજી. ૧
ધેનું ચરવા કાજે જાવે વન મધે ઘાસજી;
અંતર સુરતા વાછરડામાં, પળના છોડે સ્વાસ. આ. ૨
દુધમાં જેમ ઘૃત રહે છે, પુષ્પ માંહે રહે બાસજી;
સમાન અગ્નિ કાષ્ટમાં, થાય મથતાં પ્રકાશ. આ. ૩
વાયુનો થયો વંટોળીઓ, ચઢી ધુળ કટ આકાશજી;
ત્વંપદ તત્પદ ત્યાગતાં, અસી પદમાં વાસ. આ. ૪
કમળપત્રનો અહોનીસ, રહે જળ મધ્યે વાસજી;

ંગ છતાં અસંગતાને, ન લાગે જળનો પાસ. આ. ૫
ુરણાનંદ છે પુરણ પોતે, જેમ વ્યાપક આકાશજી;
ુરૂ મુક્તાનંદ ચરણે, દીસે ના સોમદાસ. આ. ૬

ભજન—(હમને ખોજી કાયારે.)-એ રાગ.

ુરકા દરશન પાયામેં, સમજ્યા ગુરૂકી સેનુમેં.
નવા મેરા અજબ રંગીલા, નહાતા આતમ સિંધુમેરે ભાઈ;
નિમિષ માત્ર ન્યારા ન રહે, જ્યુ મીન રહેતી જલમે. હરકા. ૧
જ્યાં મન જાવે વહાં સાહેબ દરસે, ચીત ચોટયા ચૈતનમેંરે ભાઈ;
વી દેવતા સબમેં હમને, દેખ્યા મંદિર મસીદમેં. હરકા. ૨
કાશી દ્વારકાં પ્રયાગ રાજમેં, દેખ્યા ગોમતી ડાકોરમેંરે ભાઈ;
મક્કા ઓર મદીના સબમેં, નુર આયા નજરોમેં. હરકા. ૩
ને ર્ગુણનાથ સકળ જગ ભરિયા, ભરિયા પિંડ બ્રહ્માંડમેંરે ભાઈ;
ુર અસુર ભૂત પ્રેતમેં, જોગી મુની જતીમેં. હરકા. ૪
ોહં બ્રહ્મ સનાતન જાણ્યા, માણ્યા રૂદિયા કમળમેંરે ભાઈ;
ોમાને ગુરૂ મુક્તાનંદ મળિયા, નહિ આવું ઉત્પતિ લયમેં. હરકા.૫

ભજન—(શોધો શોધેથી સૈંયાં મિલતાજી.)-એ રાગ.

આતમ જોગી દેખ્યા રમતાજી,
એતો નામ રૂપથી ન્યારા રહેતારે, આતમ. ટેક.
જોગ ના સાધે વાકું ભોગ નહિ ભાતાજી,
એતો બાલ વૃદ્ધ ન કહાતારે. આતમ. ૧
જટા ન રાખે એતો નહિ મુંડાતાજી,
એતો કોપીન તુંબડી નહિ રખતારેરે. આતમ. ૨
માળા ન પેહેરે ન દાઢી બઢાતાજી,
એતો વેદ કીતાબો નહિ પઢતારેરે. આતમ. ૩

હિંદુ તુરક નહિ સાધુ કેહેલાતા,
સાહેબ સબ લોકનસે હે મીલતારેરે. આતમ. ૪
કથની મથનીમેં ઓ નહિ આતાજી,
એતો ગુરૂગમ જ્ઞાને સમજાતારેરે. આતમ. ૫
સદ્દગુરૂ પ્રતાપે સોમદાસ કહેતાજી,
મે તો નિરગુણકા ગુણ ગાતારેરે. આતમ. ૬

ભજન—(રાગ-તેરા રોકન હારા કોણ, મગનસે-જા.) એ રાગ.

સમર મન શ્રી રે હરી, તું મમતા મેલ પરી. સમર મન. ટેક.
મનવા જાણે મેં કરૂં, પણ કરન હાર કીરતાર રામ;
તેરા કીયા ન હોયગારે, હોવે હોવન હાર. સમર મન. ૧
જમીનમેં તો બીજ બોયા, ધણી કરે રખવારી રામ;
બીના જલ તો ઉગે નહી, દેખો હૃદય બિચારી. સમર મન. ૨
હું કરૂં હું કરૂં એ તો; અજ્ઞાનતા છે તારી રામ;
હુકમ વિના તો પત્તા ન હાલે, કુદરતકી ગતિ ન્યારી. સમર મન. ૩
રંકને તો રાય બનાવે, રાયને કરે ભીખારી રામ;
જલ ઠેકાણે થલ ચડાવે, થલ ઠેકાણે થાય વારી. સમર મન. ૪
ઘટમેં બેઠો ઘાટ ઘડે છે, અકળ લીલા ભારી રામ;
રૂપ રંગ તો કછુ ન દીસે, નિરગુણ નિરવિકારી. સમર મન. ૫
હાડ માસની કાયા બનાવી, જુગતી રચાવી સારી રામ;
નવસેં નાડી માંહી દશ દરવાજા, પ્રાણ પુરૂષ સંચારી. સમર મન. ૬
કહે સોમો સદ્દગુરૂ પ્રતાપે, હરી ભજો નરનારી રામ;
હું મારૂં સૌ મનથી મેલી, અંતર વરતી લ્યો ધારી. સમર મન. ૭

ભજન—રાગ.

હરીજન અંતર વરતી કરજો; અનઘડ સાહેબને મળજોરે હોજી.
મન મંદીરીયામાં મોહન બેઠા, તેના શું સુરતી પરોવજો;
અખંડ દીવડો ઝળકે ઘટમાં, તેને તો નિરખજો. હરીજન, ૧
દેખાદેખી શીદ દોડી મરો છો, વિચાર કરી તમે જો જો;
સંતોના શબ્દ હિરદામાં ધરી, પંચાતિત પરખજો. હરીજન. ૨
બાહેર તો વળિ કાંઇ ન દિશે, અંતરપુરમાં ખોજો;
દિવ્ય ચક્ષુથી આતમ દરસે, થાય આણંદની મોજો. હરીજન. ૩
પ્રેમનો પ્યાલો ભર્યો ભરપુરણ, ભાવ ધરી તમો પીજો;
હેતે હરીવર પાસે મળશે, જરણાયો કાંઇ ધરજો. હરીજન. ૪
સમદમ સાધન સાથે રાખી, એક સોહંગ નામ સમરજો;
લક્ષ ચોરાશીના ફેરા ટળશે. અમરાપુરમાં ફરજો હરીજન. ૫
ભવસિંધુમાં સંત નાવ છે, તેનો સંગ તમો કરજો;
ગુરૂ પ્રતાપે ભણે સોમદાસ, અગમ પથે પરવર જો. હરીજન. ૬

રાગ માઢ.

માયાકી ના કરો બડાઈ માયા માર ખવરાવે ભાઈ, ટેક. માયા. ૧
મહા બળવંતી હરીની માયા,
શંકર સરખા ગયા મોહાઈ. માયા. ૨
બ્રહ્માજીકા ભાન ભુલાયા,
નીજ બાળાપર કુદષ્ટી કરાઈ. માયા. ૩
બ્રહ્મચારીકા બ્રહ્મચરીય બીગાડે,
શુદ્ધા શુધ દે વીસરાઇ. માયા. ૪
જ્ઞાની મુનીકું તો ગોતી મારે,
ધ્યાનીકા દેવે ધ્યાન ચુકાઇ. માયા. ૫

જોગીને તો રોળી નાંખે,
તપસ્વી તપમાં ભંગ પડાઈ. માયા. ૬
પામર વિષયી કોન ઇન આગે,
મુઢકું ધુળ ધાણી બનાઈ. માયા. ૭
જીજ્ઞાસુના આગળ ફરતી,
વૈરાગ પદમાં દે વીઘન પડાઇ. માયા. ૮
માયા માગે તેને લાતોએ કુટે,
લક્ષચોરાશીમાં લે જાઈ. માયા. ૯
મહા ઠગણી ઠગ વિદ્યા કરીને,
હરીભજનમાં દે ભંગ પડાઇ. માયા. ૧૦
કહે સોમો નીસપૃહા સંત આગે,
માયાકા કછુ જોર ન ચલાઇ, માયા. ૧૧

ઠુમરી—(બીગડી કોણ સુધારે નાથ બીના.)–એ રાગ.

માયાકા હે સબ કોઇ સંગી, બીન માયાકા ન કોઈરે;
બીન માયાકા એક હે સંગી, સરજન હારાસોઈરે. ટેક. ૧
રંક જો હોવે શાણા સમજુ, વાકી બાત ન માને કોઈરે;
ઘેલા લડકા શ્રીમંતકા બોલે, બાત કહે સતસોઈરે. માયા. ૨
જ્ઞાની મુની પંડીત પુરાની, માયા દેખી લલચાઇરે;
શ્રીમંતકા કરે સતકારા, રંકકા ભાવ ન પુછાઈરે. માયા. ૩
કળજુગકાએ લક્ષણ કહીએ, જગતકું દયા ભુલાઈરે;
સત્યે ચાલે ઉસકા સબ વેહેરી, અસત્યમેં ખલક સવાઈરે. માયા. ૪
વીશ્વામીત્રે હરીચંદ્રકા, સત્ય છોડાવન ઘેર આઈરે;
સત્ય કારણે કાશીપુરમાં, નીચ ઘેર પાણી ભરાઈરે. માયા. ૫
કળજુગ નળ રાજાને નડીયો, બાહુક રૂપ દીયા બનાઈરે;

અડધે વસ્ત્રે વનમાં ભમીયા, નરનારીકા વીજોગ પડાઈરે. માયા. ૬
ચડતી પડતી સૌના માથે, કરમ અનુસાર ભાઈરે,
સોમા સુખ દુઃખ સમ કરી જાણો, લજ્યા રાખે રઘુરાઈરે. માયા. ૭

ઠુમરી–રાગ ઉપરનો.

હમને દેખ્યા જગ તમાસા, હે ગુજરીકા મેળારે;
ભોર ભયે ઉઠ ચલ જાવે, જ્યું ચીડીયાંરે ન બસેરારે. ટેક. હ. ૧
આપ આપ કે કર્મ સંજોગે, આકે હુવા સબ ભેળારે;
લેન દેનકા મીટ ગયા ફંદા, તો હો જાવે ન્યારા ન્યારારે. હ. ૨
ભાઇબંધ ઓર કુટુંબ કબીલા, માયાકા સગા સારારે;
અપની પાસ દમડા નહોવે તો, કોઈ ના લે સંભારારે. હ. ૩
દુનિયાં સબ માયાકી ગરજી, કીયા હૃદય વીચારારે;
કોઇ કીસીકા નહી હે યારો, ઢુંઢયા ખલક સારારે. હ. ૪
નારી કહેવે મેરા સ્વામી, હમકું નહી ઇતબારારે;
નીજ તનમે બલ જો હોવે, તો સંગ રહે વો દારારે, હ. ૫
દાસ સોમા સમજ મન અપના, ભેઠો સત્ય ભરથારારે;
જગમે તેરા કોઇ નહી હે, બીના એક કીરતારારે. હ. ૬

ભજન—(હમને ખોજી કાયારે) એ રાગ.

હમને આતમ વીચાર્યારે, સત્યકા સોદા વીસ્તાર્યાજી. ટેક.
જંતર મંતર તંતર સબી છુટયા ચિત્તકા ચાળારે ભાઇ;
નિધી સિધીકું હમ ના ઇચ્છે, મહા સુખ લાગે પ્યારા. હમને. ૨
મહા સુખ છે મેરા મન માન્યા કૃતવ્ય બુદ્ધિકું ટાર્યારેભાઈ,
જપ તપ તીરથ વૃત્ત ના કીના, મિલ્યા પીયા પ્રેમે હમારા. હ. ૩
ઘરવેષ હમને ના છોડયા ના છોડયા સંસારારે ભાઈ,
મોહ નિંદ્રાસે સુતા જાગ્યા, મીટ ગયા સ્વપના સારા. હ. ૪

તુંબી કોપીન હમ ન પહેરે, ન પહેરે રૂદ્રાક્ષમાળારે ભાઇ;
ભગવાં વસ્ત્ર અબ ન ધારે, એક ભાવ હમારા ન્યારા. હમને. ૫
ભલા બુરા જો કોઇ કહેવે, અપની મતી અનુસારારે ભાઇ;
દાસ સોમાને સદ્‌ગુરૂ મલીયા, આનંદ ઉર અપારા. હમને. ૬

ભજન—રાગ-(મુળ મડાંણ સેજ ધુન લાગી) એ રાગ.

વીરા પ્રથમ રઢ મને રામ શું રે લાગી. હેજી.
ત્યારે કરૂણા કરી છે મોરારીરે,
સતગુરૂ સંત મલ્યા બ્રહ્મજ્ઞાની;
મારી ભેદ ભરમણા ટાળી. વીરા પ્રથમ. ૧
આદુરા વચન મેંતો ગમ કરી જાણ્યા,
ચડી નીજ નામની ખુમારીરે;
ચડી ખુમારી કબુએ ના ઉતરે,
સિદ્ધ કીયા વિવેક વીચારી. વીરા પ્રથમ. ૧
અંતરધ્યાન આતરમનાં ધરીએ,
જગમગ જોત અજવાળીરે;
બાહેર ભીતર અખંડ અજવાળા,
ખુલી ગગન ઘર બારી. વીરા પ્રથમ. ૩
પુરવની પ્રીતે પરમ ગુરૂ દરશ્યા,
મારાં કારજ દીધાં સુધારીરે;
કારજ સુધારી વહાલ વધાર્યા,
ભાવે ભેટયા શ્રી વનમાળી. વીરા પ્રથમ ૪
દાસ સોમા નામ સ્મરણ સાચું;
સમરી ઉતરો ભવ પારીરે;
સતગુરૂ સંત મુક્તાનંદ ખરા,
નીસપ્રહા કલ્યાણકારી. વીરા પ્રથમ. ૫

ભજન (વીરા, મુળ મંડાંણુ સંહેજ ધુન લાગી.)–એ રાગ.

વીરા હજુ તો સમજ સમજ મન મેરાજી. ટેક.
કરી લે માલીક સાથે યારીરે;
તેરોતો માલીક હે તુજ માંહીજી,
બીના દરસન ખુવારીરે. હજુ તો. ૧
કરકા મણકા દે તું મેલીજી,
મનકા મણકા લે તુ ફેરીરે;
લાલચ મુકી સાહેબને સમરોજી,
હરદમ લે નીત્ય હેરીરે. હજુ તો. ૨
દેહાન બુદ્ધિ દે તું છોડીજી,
આત્મ ચિત્તમાં લે ધારીરે;
પાંચ પચીસના પાર જાવુંજી,
શું બેઠો છે તું હારીરે. હજુ તો. ૩
ઘટ ભીતર તો અજબ તમાસાજી,
બીના દીપક ઉજીયારીરે;
ગુરૂગમ જ્ઞાને ગોતી લેનાજી,
સોહં નામ લે વીચારીરે. હજુ તો. ૪
જો ભુલ્યો તો ચોરાશીમાંજી,
બહોત ફરેગો તું ફેરીરે;
આ અવસર તો ભલો મલીયોજી,
ચેતી લે સાંજ સવેરીરે. હજુ તો. ૫
સદ્‌ગુરૂ મુક્તાનંદ મલીયાજી,
શબ્દ સારડી મારીરે;
એ સારડી મારા કલેજામાં લાગીજી,
સોમા હોગઈ આરમપારીરે. હજુ તો. ૬

ભજન—(રાગ ઉપરનો.)

વીરા સુરત ધારી સોહંરામ સમરોહેજી. ટેક.
સમરો સ્વાસ ઉસાસારે,
વીરા રૌમ રોમ રણું રણુકારાહેજી,
કરો સુન મંડળમાં વાસા. વીર. ૧
ઈંગલા પીંગલા સુખમણા નાડીહેજી,
તરવેણીમાં જોત પ્રકાશારે;
વીના વાદળ વીજા ચમકેહેજી,
ત્યાં દેખો અજબ તમાસારે. વીરા. ૨
મધુરી મધુરી મોરલી વાજેહેજી,
વાં રાસ રમે જુગદીશારે
ગોપીકા સરવે આનંદ પામે હેજી;
સ્થીર બ્રહ્મા વિષ્ણુ મહેશા. વીરા. ૩
ધીરજ ધારી અંતર ધ્યાન ધરીએહેજી,
કરો એકાંતમેં નીવાસારે;
પ્રગટનીજ સ્વરૂપ દરશાવેહેજી,
મટે જનમ મરણુકા ત્રાસા. વીરા. ૪
સદ્ગુરૂ મલ્યા તબ ગમ પાઈહેજી,
છુટયા કર્મ કેરા પાશારે;
નામ નીરગુણ નીરભે જાણ્યાહેજી,
મુક્તાનંદ ચરણે સોમદાસારે. વીરા. ૫

પદ ૧-રાગ-સરજન હારાને સુરત કરી સમરો—એ રાગ.

કાયા શેહેરમાં જુઓ તપાશી, વીરા બહાર કેસે ભટકાઈ;
અખંડ દીવડો હે દલભીતર, વાકી ખોજ કરી લ્યો મેરા ભાઈરે;

અંતર વૃત્તિ કરી લે મેરાભાઇ, તેરી આવા ગમન મીટ જાઇ. ટેક.
ચતુષ્ટ સાધન સંપન્ન રહે જો વીરા, નહિ તો અંતે પસ્તાઇ;
આતમ જ્ઞાન વિના મનુષ્યા જનમ, તારો અવરથા વહી જાઇરે.
અંતર વૃત્તિ. ૧
સદ્‌ગુરૂને સેવ્યા નહી, અને મન મુખીડા ઉઠધાઇ;
ઘર છોડીને પરઘેર જાવે, મરે દ્વારે દ્વારે ભટકાઇરે.
અંતર વૃત્તિ. ૨
એકજ ધાયા દુસરા ધાયા વીરા, ગાડર પ્રવાહ ચલાઈ;
શબ્દકાતો ખોજ સંતોએ કીધા, આતો માયામેં જગ ભરમાઇરે.
અંતર વૃત્તિ. ૩
ઉખર જળ દેખી મૃગ ધાયા, પણ વાકી પ્યાસ ન બુઝાઇ;
માયાનું સુખ છે ઠાલું થોથું, જેમ હાડકું શ્વાન ચુસ ખાઈરે.
અંતર વૃત્તિ. ૪
માયા દેખીને અંધજ બનીયા, પણ મુરખકું તો ગમ નાહી;
સપનાની બાજી સત્ય કરી માની, ત્યાં અનેક નર ગયા ઠગાઇરે.
અંતર વૃત્તિ. ૫
છોડ જગ આશા કરો સોહંગમાં વાસા, જમકી ચોટ દે ચુકાઈ,
દાસ સોમાને સદ્‌ગુરૂ મળિયા, તબહી તો ગુરૂ ગમ પાઇરે.
અંતર વૃત્તિ. ૬

પદ.

જીવતાં ઘર જુવો બંદા, જીવતાં ઘર જુવોજી;
મુવા કેડે મોક્ષ માગે, કારાગ્રહનો કુવો. બંદા. ૧
જાગ્રત દેહનાં આચરણ જાણી, ખોટી વાસના ખુવોજી;
નાશવાનમાં કેશા નીરખો, રૂપ જોઇ કયાં રૂવો. બંદા. ૨

રચી સ્વપ્નમાં અનેક રચના, માઇક ભ્રાંતીમાં મુવોજી;
સુખ દુખમાં કામ ન આવે, ભુત ભવિષ્ય ન હુવો. બંદા. ૩
કાર્ય કારણ લય કરીને, સુષુપ્તીમાં સુવોજી;
ઉરથી આવરણ દુર કરી લે, તો હરી રૂપ તું હુવો. બંદા. ૪
ત્રિપુટીનો બાધ ત્યાગી, નામ રૂપ ન હુવોજી;
આપે અનુભવ આપો આપે, દ્વૈતને કયા જુવો. બંદા. ૫
ગુણ રહિત નીરગુણ ગોવીંદ, પુરણ આનંદ પુવોજી;
સોહં કેવળ સુદ્ધ સમજણ, બીજને કયાં બુવો. બંદા. ૬

ગરબો-(હરિના ચરણકમળમાં ચિત્ત સદા ચોટાડવું'રે) એ રાગ.

સરખી સૈયરો આવો આ ગરબે ખેલીએરે,
જેથી મળીએ આપણ ત્રણ ભોવનનો નાથ;
કુળનું કામ ને લોકની લાજ, મરજાદા મેલીએરે. સરખી. ટેક.

સાખી-કારતક માસે હે સખી, ગરબો લાધ્યો હાથ;
પુરવ પુન્ય પ્રતાપથી, મળ્યો સંત સગાનો સાથ.
બીજે સંગ થતાં હું જાતી જમને હાથ. સરખી. ૧

સાખી-માગશરે માથા ઉપરે, મોટું મરણનું સાલ;
ઉપજે તે વણસે સહી, કોઇ આજને કોઇ કાલ.
ન ઉપજે ના વણસે તે પર ધરીએ વહાલ. સરખી. ૨

સાખી-પોષે પાંચજ તત્વનો, ગરબો અતી રસાળ;
દસ દરવાજા દસ સ્થળે, દીસે ઝાકઝમાળ.
છઠ્ઠો છેલ રમે માંહી, તે નહીં વૃદ્ધ કે બાળ. સરખી. ૩

સાખી-મહા મહીને માયા તણો, રચીઓ ઠાઠ અપાર;
આગળથી અતી ઓપતો, પણ આખર નહીં કાંઇસાર.
સારનો અનુભવ જેને, તે વસ્તુ તે તુચ્છ. સરખી. ૪

સાખી—ફાગણુ ફેરા બહુ ફરી, મીથ્યા માની ગર્વ;
જો અંધી પીસે પીસણાં, સ્વાનજ ચાટે સર્વ.
નફાની આગળ ન કર્યો ખાધ તણોરે તપાસ. સરખી. ૫
સાખી—ચૈતરે ચેતો ચિત્તમાં, ચેતો સૌ સખી આજ;
ભાવે ભેટો સદ્‌ગુરૂ, હેવે રમત બતાય.
ભીખ માગે ન બનીયા, રંક હતા તે રાય. સરખી. ૬
સાખી—વૈસાખે વૈદજ ગુરૂ મળ્યા, ધનવંતરી સમાન;
ગોળી જ્ઞાન તણી ગળી, ગયો રોગ દેહાભિમાન.
માન જાતામાં હુંતો સમજી, ગુરૂની સાન. સરખી. ૭
સાખી—જેઠ ભાગ જે જેષ્ટ જે, જેષ્ટથી વળી શ્રેષ્ઠ;
તે ભાગ મળ્યો મુજ ભાગ્યથી, મળ્યા આરતીઆ બ્રહ્મનીષ્ઠ.
માલ ભર્યો તેનો કોઈ દીન ન થાવે નાશ. સરખી. ૮
સાખી—અષાડે આનંદ હે સખી, પરમુખ કહ્યો ન જાય;
મુંગા પાવે સ્વાદકું, સમજ સમજ મુસકાય.
સ્વાદ જાણે તેને હોય બરોબરીઆનો સાથ. સરખી. ૯
સાખી—શ્રાવણે સદગુરૂ ભેઠીઆ, દીનો લક્ષ બતાય;
ઈંગળા પીંગળા સુષુમણા, તરવેણી સંગમ થાય.
શ્વાસોશ્વાસમાં ઉઠે સાથે, શબ્દની ઓટ. સરખી. ૧૦
સાખી—ભાદરવો ભલે રસ ભર્યો, બ્રહ્મરૂપ દરીઆવ;
લગ્ન લહેર જો ઉપને, તો આપે માંહે સમાવ.
સમાતાં નખ સુખ, પરમાનંદનો થાય. સરખી. ૧૧
સાખી—આસો આત્મ એકહે, હે જો સત્ય સ્વરૂપ;
અથર વિનાસી ઓર હે, હે જો નામ ને રૂપ.
રાચે તેને જાણો સબ મુઢનકો ભુપ. સરખી. ૧૨

સાખી–અધિકે અનુભવથકી, ગરબો ગાવા આશ;
અલ્પ મતી આદર કર્યો, રચીઆ બારે સાસ.
ગુરૂ કાશીગર ચરણે, ગાવે મોતીદાસ.
સરખી સૈયરો આવો આ ગરબે ખેલીએરે. ૧૩

પદ–રાગ ઝુલણા છંદનો.

નિશ્ચેના મેહેલમાં વસે મારો વાલમોરે, વસે વ્રજ લાડીલોરે;
જેરે જાએ તે ઝાંખી પામેજી.
ભુલ્યા ભમે તે તો સદનમા શોધેરે, હરી ન મળે એક ઠામરે.
નિશ્ચેના. ૧

સતસંગ દેશમાં ભક્તિ નગર છેરે, પ્રેમની પોળ પુછી જાજોરે;
વ્રેહ તાપ પોળીઆને મળી મોહોલે પેસજોરે, સેવા સીડીએ
ભેળા થાજોરે. નિશ્ચેના. ૨

હિનતાના પાત્રમાં મન મણી મુકીનેરે, ભેઠ ભગવંતજીને કરજોરે;
ભાવે કુભાવે નોછાવર કરીનેરે, શ્રીગીરીધરવર તમે વરજોરે.
નિશ્ચેના. ૩

આરે મંડાણનું મૂળ આપ ઇચ્છારે, કૃપા વિના સિદ્ધિ ન થાયરે;
શ્રીવલ્લભ શરણુ થકી સૌ પડે સેહેલુંરે, દૈવીજન પ્રત્યે દયો
ગાયરે. નિશ્ચેના. ૪

ભજન–રાગ બેહાગ.

ગુરૂજીસે લગન કઠણ મેરા ભાઈ, ટેક.
લગન લગ્યા વિન કારજ ન સરહી, જીવ પ્રલ્લે હોજાઇ. ટેક. ૧
ચાતુક સ્વાંતિ બુંદ કેરી આશા, પીયા પીયા રટત લાઇ;
પ્યાસે પ્રાણ જાય કયોં ન અબહી, અવર નીર ન ભાઇ. ગો. ૨

મૃગીયા નાદ શબ્દકારે ભેદી, શબ્દ સુનનકે જાઇ;
શબ્દ સુનકર પ્રાણદાન દીનો, નેકીન મનમા ન ડરાઇ. ગો. ૩
દોનું જોદ્ધા ખડા જબ સનમુખ, શૂરા લેત લડાઈ;
ટુક ટુક હોઇ પડે ધરણી પર, ખેત છોડ ના જાઇ. ગો. ૪
તજી ઘરબાર સતી હો નીકસી, સત્ય કરનકો જાઈ;
પાવક દેખી ડરે નહી દીલમેં, કુદ પડે ચેહ માંહી. ગો. ૫
છોડો આશા અપના તનકી, નીરભે હો ગુણ ગાઇ;
કહે કબીર એસી લવ લાવે, સેજે ગુરૂ મીલે આઈ. ગો. ૬

પદ ૨ જું. રાગ–ગુરૂજીસે લગન કઠણ મેરા ભાઈ.

મનવા હજુ સમજ મેરા ભાઇ.
ખોજ કાયા નગરી દેખ દેદારા, તેરો પીયા હે તુજ માંહી. ટેક.
જપ તપ તીરથ, જગતકીરે શોભા, મનકા મેલ ન ધોવાઇ;
મેલા પટકું મેંસ જો લાગે, તો અધીક મેલા હો જાઇ. મનવા. ૧
સાચો પ્રેમ ધન પુત્ર દારામાં, તૃષ્ણા માયાકી ઉર છાઇ;
છાપા તીલક બનાકર બેઠા, ભગત નામ ધરાઇ. મનવા. ૨
ભક્તિ ભેદ તો ન્યારા કહીએ, સદ્ગુરૂ મીલે તો સમજાઇ;
શીરના સાટે છે અવિનાશી, મરજીવા અમ્મર રસ પાઇ. મ. ૩
સત ચિદ આણંદ આપ કહાવે, સુખ બ્રહ્માદીક ન ભાઇ;
તન મન ધનકું તુચ્છ કરી જાણે, જીવતાં અચળ સુખ આઇ. મ. ૪
સંત સોઇ જો મન વૈરાગી, સમદૃષ્ટિ ખલકમાં છવાઇ;
દાસ સોમા સમજ મન અપના, સોહં રામ સમરો પ્રેમ લાઈ. મ. ૫

પદ ૩ જું. રાગ–ગુરૂજીસે લગન કઠણ મેરા ભાઈ.

મનવા આતમ ચીનો મેરા ભાઇ.
આતમ ચીન્યા વીના, જો કછુ કરીએ, સો સુપનાવત સમજાઇ. ટેક.

કરથી ફીરાવે માળાના મણકા, મનવા ચોદેસ ભટકાઈ;
કામ ક્રોધ ઘટ ભીતર ભરીયા, પાંચ પચીસમાં લુંટાઈ. મ. ૧
જટા વધારે હરી ન મળે, ન મળે ગંગામાં નહાઈ;
ધુણી તાપી અંગ ભભુત લગાવે, ચાર ધામ ફીરે જાઈ. મ. ૨
પોથી વાંચી પરકું સુનાવે, નીજ ઘટકી ખબર ન પાઈ;
ઉદર ભરનેકી કરત કમાણી, માયામાં રહ્યા લલચાઈ. મ. ૩
દયા ધરમ વીના પાળે આચારા, વીચાર ચીત્તમાં ન આઈ;
મલ મલ કાયા ઉપરસે ધોવે, દીલકા ડાઘ ન જાઈ. મ. ૪
ખટ શાસ્ત્રને અઢાર પુરાણા, ચાર વેદ ભણે જાઈ;
આપે આપકું ખોજ્યા નહીં તો, ભુમા સુખના પાઈ. મ. ૫
સાખી શબ્દ બોતેરી ગાવે, તાલ તબુરા બજાઈ;
ભક્તિ ભેદ જાણ્યા નહિ તો, જનમ મરણ ન બીસરાઈ. મ ૬
જોગી હોકર જોગ જો સાધે, એકાન્તમે આસન જમાઈ;
જ્ઞાન વિના મુક્તિ ન હોવે, એમ શ્રુતી સ્મૃતિ ગાઈ. મ. ૭
સદ્‌ગુરૂ વિના પીયા ન પાવે, કોટી સાધન સાધે ઘેર રહાઈ;
દાસ સોમા ઉરમાં પ્રેમ જો પ્રગટે તો, યમ નેમ છુટ જાઈ. મ. ૮

પદ ૪ થું. રાગ–ગુરૂજીસે લગન કઠણ મેરા ભાઈ.

મનવા બ્રહ્મરૂપ જગ સારા,
આતમ સિંધુ અથાગ જલ ભરીયા, નહી વાર નહી પારા. ટેક.
એકમાં અનેક અનેકમાં એક હે, નાના વીધ રૂપ ધારા;
ખલકમા અલખ આપ સમાયા, અસંગ સંગથી હે ન્યારા, મ. ૧
બીજ માંહે વટ વટમાં બીજહે, બીજમાં વટ રહે સારા;
પત્ર ફળ પુલ વટકા કહીએ, થડથી ડાળ ન રહે ન્યારા, મ. ૨
માટીકા કારજ અનેક કહાવે, ઘટ સરાવાદીક ગોળા;

માટી તાકે બાહેર ભીતર, નામ રૂપ સબ વીકારા. મ. ૩
ઉપજે વણસે સો ધરમ શરીરા, મન શોક મોહ ધારણ હારા;
ખાના પીના પ્રાણ પુરૂષકા, અવીનાશી આતમ નિરવીકારા. મ. ૪
બગલમાં બેટાને ગામમા ઢંઢેરા, વીસમરણાકા ભટકારા;
ખોજ કીયા તબ બગલમે પાયા, કહે મીલ ગયા પુત્ર હમારા, મ. ૫
અપના ઘટકા લહે ન ભેદા, સદ્ગુરૂ વીના ઘોર અંધારા;
ભ્રાન્તીથી રજ્જુમા ભુજંગ ભાસે, ભડકી ઉઠે સંસારા. મ. ૬
અર્ક ઉગ્યા વિના રેનના જાવે, તપ વૃત્ત જપે નીત માળા;
જ્યાં લગી મનવા થીર ન થાવે, છુટે ન ગરભ દ્વારા. મ. ૭
બ્રહ્મ એક સત્ય જગત મિથ્યા, વેદ કરે છે પોકારા;
દાસ સોમા સમજ મન અપના, એ પંથે સંતસીધાર્યા. મ. ૮

પદ ૫ મું. રાગ–ગુરૂજીસે લગન કઠણ મેરાભાઇ.

મનવા લે રામનામ ગુણ ગાઈ,
રામ નામ સે સમરણ સાચું, નીત રટો પ્રેમ લગાઈ. મનવા. ટેક. ૧
રામ મંત્રસે વાલમીક રૂશી કહાયા, કોટી રામાયણ રચાઇ;
સમુદ્ર ઉપર શીલ્યા તારી, અધીક મહીમા કહાઇ. મનવા. ૨
રામ ભક્ત પ્રલ્હાદજીકો, તાતા સ્થભેથી બચાઈ;
ગૌતમનારી સલ્યા હોઇ પડી, રામ રજથી બેઠી અહલ્યા થાઈ. મ. ૩
સવરી ચરણથી જલ શુદ્ધ ભયા, રામ જાપકા પ્રતાપ હે ભાઇ;
હનુમાનજીકું વર દીના, રહ્યા તેલ સીંદુર ચડાઇ. મનવા. ૪
વીભીષણને લંકા આપી, ધ્રુવે અચળ પદવી પાઇ;
દાસ સોમા સમજ મન અપના, રામ ભજો તો સુખદાઇ. મ. ૫

પદ ૬ઠું. રાગ–ગુરૂજીસે લગન કઠણ મેરાભાઈ. એ રાગ.

મનવા રામે રચના રચાઇ;
શેષ બ્રહ્માદીક પાર ન પાવે, અકળીત લીલા સહાઇ. મનવા. ૧

કાજી પંડીત પોથીમાં જુવે; વીવાદમાં વહ્યા જાઇ;
આવત જાવત કોઇ ન દેખ્યા, રૂપ રંગકે પરછાઈ. મનવા. ૨
બોલતા ચલતા ખાતા પીતા, ક્ષણમાં દેહ વીખરાઈ;
કાયા પીંજર પડયા રહે ખાલી, પવનમેં પવન મીલજાઈ. મ. ૩
કોણ મુઆ કોણ ઉઠ ગયા, કોઇ મરજીવે ગમપાઇ;
જગતને માથે બીક છે મરણની, મારે આનદ વરતાઇ. મન. ૪
કયા લે આયા કયા લે ગયા, દોનું હાથ ખાલી જાઇ;
મારૂ મારૂ કરી મુઆ, અતે જમપુરીમાં રહાઈ. મનવા. ૫
દાસ સોમા સમજ મન અપના, એક દીન દેનાહે ભાઈ;
સદ્ગુરૂની શરણે રહીને, રામ ભજો લેહલાઇ. મનવા. ૬

પદ ૭ મું. રાગ-ગુરૂજીસે લગન કઠણ મેરાભાઇ. એ રાગ.

મનવા લે મનકી માલા ફીરાઈ,
શ્વાસો શ્વાસ સોહં રામ સમરો, અજપા જાપ જપો ભાઇ. મ. ૧
પ્રણવ મંત્ર સિદ્ધ કહાવે, સાધ્યા વિના ફળ ન પાઇ;
જલ કહેસે પ્યાસ ન બુજે, ભોજન કહે ભુખ ન જાઈ. મ. ૨
રવી રવી કરે રજની ન ટળે, અગ્નિ કહે અંગ ન જલાઇ;
ભુપ કહેને સેં ભુપ ન હોવે, રાજનીતિ ન આઇ મનવા. ૩
પુરાણ માંહી બ્રહ્મ લખીયો, ભણીકે પંડીત બન જાઇ;
ભણેથી કાંઈ ભટકણ ન ભાગે, અનુભવ વીન ઉદ્ધાર નાહી. મનવા. ૪
સોમા સદ્ગુરૂ પુરા જો મીલે, તો અલખ પુરૂષ દે દરસાઈ
નીરગુણ શીરગુણ ભેદ કલ્પના, સબહી મીટ જાઇ. મનવા. ૫

રાગ માઢ.

ઓ જીવ રાજા હરી શરણે હોજા, કરીને આવ્યો છે તું કોલ;
કરીને આવ્યો છે તું કોલરે. ઓ જીવ રાજા. ટેક.

નવ માસ ઉંધે ગસ્તક ઝુલ્યો, તેનું ભુલ્યો કેમ ભાન;
પ્રભુ તારૂં ના ભજન કરૂં તો, છે જમરાજ જમાનરે. એ. ૧
દીન દયાળે દયા કરીને, આપ્યો છે જન્મ અમુલ્ય;
બાહેર આવી કેમ રમવા લાગ્યો, માયા દેખી ગયો ભુલરે. ઓ. ૨
તારા કાજે જગના નાથે, ઉપાય શોધ્યો છે શુદ્ધ;
જનમ્યા પહેલાં માતાના સ્થાનમાં, દેવે સરજ્યુ દુધરે. ઓ. ૩
જળ અગનિ જીવ જંતુ આદિથી, બચાવ્યો બાળપણુમાંય;
તારૂં તેણે રક્ષણ કીધું, તેને સ્વપ્ને સંભાર્યો નોયરે. ઓ. ૪
બાળપણુમાં બાળક સંગ ખેલ્યો, જવાનીમાં અંધ ગયો હોય;
કામની સંગે નીશદીન ખેલી, વૃથા આયુષ્ય દીધું ખોયરે. ઓ. ૫
આગલી વચલી ગઇ દીવાનીમાં, ચેત્યો નહી મુઢ ગમાર;
પાછલી તારી વહી જાય છે, શીર પર તાકી રહ્યો કાળરે. ઓ. ૬
સગાં સનેહી તારાં સ્વારથનાં બેલી, અંતે અળગાં થાય;
પુન્ય પાપ તારી સાથે આવે, જીવને જમડા લેઇ જાયરે. ઓ. ૭
જમરાજા તારાં લેખાં લેશે, મુખથી નહી આવે જવાબ;
ચેતી ચાલો તો ઘણું સાંરૂં, એમ વદે છે વેદ કીતાબરે. ઓ. ૮
માયા દેખીને શું ફરે ફુલ્યો, જોબન લટકો દહાડા ચાર;
વાદળ છાયાના રંગ સરીખો, આ સઘળો છે સંસારરે. ઓ. ૯
આજ કાલમાં તારે છે જાવું, દીવસ ખુટે બે ને ચાર;
તે દીવસ પાછો આવશે, જઇ પડશ્યો નરક દ્વારરે. ઓ. ૧૦
દાસ સોમા તું હવે ના ભુલીશ, કહ્યું સંતોનું તું માન્ય;
સદ્‌ગુરૂની શરણે રહીને, ધર પ્રભુનું ધ્યાનરે. ઓ. ૧૧

ભજન ૧.

સત્ય ધરમ સંતોષ દીલમાં નહી દયા, એતો વાગંતે ઢોલે
ચોરાસીમાં ગયા;

જમનીપુરીમાં તે જઇ રહ્યા, તો દૈન્ય ગતિથી દુર થયારે. ૧
મોહરે માયા સાથે લ્હે બહુ લાગી, તેમ તેમ તૃષ્ણા વધી આધી આધી;
અચાનક લ્હાય તારા ઘરમાંથી લાગી, તો પ્રવૃતિનાં પુરે ચડયોરે. ૨
જગત માયા જાણો સરવે જુઠી, ઘર માંહીના રૂઠયા માંહિના લેશે લુંટી;
તારી માંહેનીને બહારની છયે કેમ પુટી, તો અંધ કુપમા જઇ પડયોરે. ૩
આવું લક્ષણાનું કહીએ ત્યારે લડવારે ઉઠે, આતો જગ્ત હર્યું બધું સઘળેરે જુઠે;
એકલા પાણી પથરે જઇ કપાળ કુટે, તો ચડયાંરે ચોરાસીના શેરડેરે. ૪
પણ કેહેશો કે અમને કોઇએ ન કીધું, વચન ગુરૂજીનું એકે ન લીધું;
વિષય વિખડું ઘોળી હળાહળ પીધું, તો દુરમતિયા દોજક ગયારે. ૫
હંસ સ્વરૂપી સદગુરૂરે કહીએ, વચન તિહારાં તો ૦હોરીને લેઇએ;
કડવાં ને મીઠાં સઘળાં સહીએ, તો તીહાંને અમરાપુર ઢુકડારે. ૬
મનના વિકાર સઘળા તમે મેલો, એક સાવ નિરંતર સાહેબ સંગ ખેલો;
મટી જાય ઉરનો સઘળો હેલો, તો અનુભવ એની વાટે પામીએરે ૭
નિવૃત્તી ઉપર નુરતજ લાગી, દમ દોર ઉપર દીવાની છે આધી;
જગમગ જયોત જાહેરમાંહી જાગી, તો નિજ ધામમાં નુરીજન ગયારે. ૮
આવી પ્રેમ પ્રીતો વાતો કોના આગળ કરીએ, હમે ને ગુરૂજી બે સમજીને રહીએ;

પરાપશ્વંતિના પાર જઇએ, તો પાણી ઉદક એક થઇએરે. ૯
જોગેશ્વર કહીએ જેને જોગ વિચાર્યા, હરીજન કહીએ જેને
બ્રહ્મ ઉચાર્યા;
ભારથી મનોહર ગુરૂજી હમારા, તો રેવારામ રણુકાર રીજીયારે ૧૦

ભજન ૨.

હરીને વીશાર્યા કેમ પામર પ્રાણી, સત્ય સુખ માયાનું લીધું તેં માની;
સમજ્યો ના કાંઇ મૂઢ અજ્ઞાની તો, પ્રવૃતિના પુરે જઇ
ચઢયોરે ટેક, ૧
નવરો પડે ત્યારે પરની દા સુજે, સત્ સંગતમાં ન બેઠો કબુજે;
ધન પુત્ર દારાને દેખી રીજે, તો ઝકડાયો માયાની જાળમારે. ૨
માયાની જાળમાં ફરી રહ્યો ફેરી, માયા ભોગવી નાખે સાંજ સવેરી;
નીકળવાની ન સુજે શેરી તો, કમાડ આડાં કપટ તણાંરે. ૩
તાળું આગળ ત્રણ ગુણનું જડીયું, સત્વ રજ તમો ગુણથી મઢીયું;
કુંચી વીના કોઇથી ન ઉઘડીયું તો, જાણી લેને તું જીવડારે. ૪
બીજાં અનેક સાધન કરે ન ખોલે, સદ્ગુરૂ સંત સીકલીગર તોલે;
શબ્દ છેણી હાથમાં જો લે તો, જ્ઞાન હથોડે કરી ઉઘડેરે. ૫
જ્ઞાન હથોડે કરી આવરણ ભાગે, અખંડ જોત્ય નિરંતર જાગે;
સચરાચર હરી સુજવા લાગે, તો તૃષ્ણા ત્યાગે તન મન તણીરે. ૬
જીવતાં અવિચળ સુખ ઘેર આવે, પરમાત્મ પુરણ પદ પાવે;
દાસ સોમો કહે નીત ગુણ ગાવે તો, ફરીના આવે ગર્ભવાસમાંરે. ૭

ભજન ૩-રાગ ઉપરનો.

જેને ભાવ ભક્તિ ભજન ન ભાવે, દુરમતિયાં બારે વાટ ભટકાવે;
અંતકાળે જમના હાથમાં જાવે તો, ફરે ચોરાશીના ચાકડેરે. ૧
પાંચ ભેગા બેસીને હોકા તડુકે, ગામોરે ગામના ગપાટા હાંકે;

ભુંડું ભુંડું મુખમાંથી ભાખે તો; ભાગફોડ લોકોની કરેરે. ૨
જ્ઞાનહીણા કયાં ગઇ મતિ તારી, સાર અસાર ના જોયું વિચારી;
સારી ઉંમર બધી એળે ગાળી તો. પરનીંદા કરી પેટ ભર્યુરે. ૩
કુબુદ્ધિ સંગે જાય નિત દોડી, પુરણ પ્રીત તેની સાથે જોડી;
સત સંગત હરી ભજન છોડી તો, જાગરણ કરે આખી
રાતનુંરે. ૪
ભાંડ ભવૈયા જોવામાં પ્રીતી, મદીરા પીને આચરે અનિતી;
પરધન પરદારા પર પ્રીતી તો, કામી કુકર્મ ઘણાં કરેરે. ૫
પ્રભુનો ડર ના દીલમાં ધરતો, અહંકાર અભીમાનમાં ફરતો;
હરાયા ઢોરની પેરે રખડતો તો, નિરલજને લાજ નહીરે. ૬
જનુનીની કુખમાં આડે શે નાંખ્યો, નવ માસ માતાએ
પથરો વીંઢાળ્યો;
કુળ ઇકોતેર પેઢી ડુબાંવ્યો તો, ન જાણ્યા આત્મારામનેરે. ૭
ગુરૂજ્ઞાન વિના સરવસ ખોયું, બીજ બાવળીયાતણુ બોયું;
જાગીને મુરખે કાંઇ ના જોયું તો, જેવું વાવે તેવું તે લણેરે. ૮
આકતુરથી ન આમફળ ઉતરે, ગુલર ફળ ન થાય ધંતુરે;
ફજેતી થાય ત્યારે બેસે ચબુતરે, તો ફુલેકું ચડે આખા ગામનુંરે. ૯
પણ હરી રૂઠયા તે લેજોરે જાણી, સંતોની શીખ જેણે નવ માની;
દાસ સોમો કહે પથરપર પાણી, તો ભીંજે ન મુશળધાર પડેરે. ૧૦

ભજન ૪–રાગ ઉપરનો.

હરિજન હરી ભજો હરતાં ને ફરતાં, દુરીજનીયા છોને
દાઝેરે બળતા;
ભગત જગતને ન આવે બનતા, તો અનાદીનું એમ ચાલ્યું
આવેરે. ૧

પિતાયે પ્રલ્હાદને મહા દુઃખ દીધું, પણ રામ નામને સત્ય
માની લીધું;
વિષ્ણુએ આવીને રક્ષણ કીધું તો, હણ્યો હિરણ્યાકશ્યપ
રાયનેરે. ૨
પાંડવને કૈરવે જુગટું રમાડયા, બાર વરસ વન માંહીરે કાઢયા;
દ્રૌપદિનાં ચિર ખેંચવા માંડયાં તો, નવસો નવાણું ચીર પુરીયાંરે. ૩
ચંદ્રહાસને દુષ્ટ બુદ્ધિ નડીયો, વિખ દેતાં વિષયા પરણીયો;
જમાઇ સાટે પુત્ર ધરણી ઢળીયો, તો દગો કોઇનો સગો ન
થયોરે. ૪
નિરગુણ નાથ કબીરે ગાયાજી, શીરગુણ ગુણ ગઇ મ્હેતા થયા રાજી;
દાઝે બળતા પામર પાજી તો, ન લાજયા લોકડીયાની લાજથીરે. ૫
મીરાંનું મન મોહનશુંરે માન્યું, સંસાર સુખને તુચ્છ કરી જાણ્યું;
રાણાજીનું ઘર ન માંડયું તો, અણજાયા ગીરધરવર-ને વરયાંરે ૬
હરિને ભજતાં જો સંકટ આવે, તેમાં મન ધારણા ધીરજ લાવે;
તેનું તે કાર્ય સીદ્ધજ થાવે તો, બાનાની પત રાખે હરીરે. ૭
એકલો ભક્ત જગતને નીરમળ પેખે, જગત ભગતના દોષજ દેખે;
પણ તેનો ગુણ માની લઇયે લેખે તો, પાપ ધોઇને પાવન કરેરે. ૮
હરીને ભજે તે જન બળીયો, સંસાર સાગરમાંથી તે તરીયો;
ગર્ભ વાસમાં ફેરી ન ફરીયો તો દાસ સોમો એમ ઉરમાં ધરેરે. ૯

પદ ૧-રાગ ચોપાઈ.

ભુદર ભક્તિ તુમારી મે ભુલ્યો, માતા ઉદરમાં અધોમુખ ઝુલ્યો;
નવ માસ ગર્ભમાં સહ્યાં દુઃખભારી, કહ્યાં ન જાવે રસના હમારી. ૧
ખારા ખાટા માતા જો ખાવે, ઉનસે અધિક દુઃખ મોહે થાવે;
ચરમી કીડા કાટે ઘણેરા, પાયા દુઃખ મેં સાંજ સવેરા. ૨

જઠરા અગન તાપ બહુ ભારી, તબ પ્રભુ પ્રાર્થના કીની તુમારી;
ચંદા સુરજકી સાખ કીના, જમરાજાકા જામીન લીના. ૩
કોલકરાર કીના હમારા, તબહી ખોલ્યા ગર્ભ દુવારા;
મોહી કાજ પ્રભુ જુક્તિ રચાઇ, હાડ માસમે દુધ સરજાઇ. ૪
દુધ પાઇ તેં પાલન કીના, બાલપનમેં મેરી શુદ્ધ લીના;
જીવજંતુ આદિથી લીયા બચાઇ, એસી પ્રભુ તુમેં કીની રક્ષાઇ. ૫
પાંચ વરસકી ભઇ ઉમ્મર મારી, ચલતે ફીરતે રમત લાગે પ્યારી;
દસ વરસ બાળક સંગ ખેલ્યા, પીછે પિતાએ પઢવા મેલ્યા. ૬
પાંચ વરસ ભણ્યા વિદ્યા સારી, પીછે પિતાએ પરણાવી નારી;
પરણાવી ઘરકાજમે લગાડયા, ઉદર પોષણ નોકરી વળગાડ્યા. ૭
પડ્યા પરવશ થઈ આધીના, પેટ ખાતર બની રહ્યા દીના;
પીતા કહે મેરા પુત્ર પ્યારા, સ્વાર્થકા હે સબહી સંસારા. ૮
ભાઇ કહે ભાઇકી જોડી બંધાઈ, બેની કહે મેરા મા જાયા ભાઇ;
એ સબહે મતલબકે ગરજી, અબ મોહે જાન પડી ગઇ હરજી. ૯
સુનો નાથ અરજ એક મોરી, શીશ નમાય કહુ કરજોરી;
અનેક જન્મ લિયા ભવ માહી, ઠામ ઠરી બેઠા કબુ નાહી. ૧૦
અબ કૃપા કરો દેવ મોરારી, નીજ બાળક જાણી લ્યો ઉગારી;
ચરણ પડ્યાની બાય પ્રભુ ઝાલો, માગુ ભક્તિ એક મોયે આલો. ૧૧
છોરૂ કછોરૂ કબુ હોજાવે, પિતા ઉરમાં રોષ ન લાવે;
મેં હું કૃતઘ્ની નાથ તું મ્હારા, ભજન ભાવમેં ભુલ્યા સારા. ૧૨
સાર અસાર ન જોયા વિચારી, માયા દેખી મોહી મતી મારી;
ન કરો મેલા નાથ ચિત્ત હમારા, મેં હું નફટ નિર્લજ નઠારા. ૧૩
તુમ હો ગરીબ નિવાજ ગુસાઇ, મેરી શુદ્ધ મતી કરો રઘુરાઇ;
મેં ગુન્હેગાર હું પ્રભુ તુમ્હારા, માફ કરો સબ દોષ હમારા. ૧૪

તુમ ચરણકી ભક્તિ મોએ દીજે, એહી અરજ ઉરમેં ધરિ લીજે;
મોએ ભરોંસો નાથ તેરો આયો, આ સંસાર અસાર સમુઝાયો.૧૫
સ્વપ્ના તુલ્ય એહી મોહે લાગે, મન મારૂં માંહેથી પાછુ ભાગે;
ભોગવિલાસ અબ નહિ ભાવે, કામકાજમેં ચિત્ત ન જાવે. ૧૬
આઠોજામ ઉદાસ રહે મન મેરા, નામ રટણુ કરૂં નાથ મેં તેરા;
જુઠી કાયા જુઠી માયા પસારા, જુઠા હે સબ સકલ સંસારા. ૧૭
તુચ્છ સુખ વિષકો માન્યો, પરમાનંદ સુખ નિત્ય જાન્યો,
શાસ્ત્રમેં ગાંધર્વ સુખ ગાવે, તે મોએ કીંચિત્ ન ભાવે. ૧૮
સબ દેવનકા ગુરૂ બ્રેહસ્પતી, ઇંદ્રિથી સોગુણા સુખ સંપતી;
બ્રહ્માકા સુખ સોગુણા અધિકા, એ સબ મોએ લાગે ફીકા. ૧૯
સોગુણા વિષ્ણુકા સુખ કહીએ, તે સબમેં કીંચિત્ ન ચહિયે;
એ સબ મિથ્યા મેંતો જાણ્યો, તીનમેં મેરો મન ન માન્યો. ૨૦
ભોગ ભોગવી પાછા પડવા, લખચોરાશી ફેરવા ફરવા;
હું તો મિથ્યા સુખ ના જાચું, સત્ય સુખમાં નિત્ય રાચું. ૨૧
ફરીથી સ્થૂલ દેહ ન બધાય, ઠામ ઠરી નીજ ઘર બેસાય;
દાસ સોમો માગે કરજોરી, પ્રભુ સુનો એહ વિનતિ મોરી. ૨૨

છપ્પા.

નથી નીપજતો પ્રેમ, વાડીમાં પાણી પાતાં;
નથી નીપજતો પ્રેમ, તેલ ચોળ્યાથી તાતાં;
નથી મળતો કાંઇ પ્રેમ, ગાંધી દોશીને હાટે;
નથી મળતો કાઇ પ્રેમ, ખોળતાં વાટે ઘાટે.
નથી મળતો પ્રેમ તપાસતાં, ગુજરી ગામો ગામની;
કહે નરભો પ્રેમ પુરો મળે, કૃપા હોય શ્રી રામની. ૧
મળ્યો પ્રેમ વ્રજનાર, મગ્ન થઇ મનમાં ફુલી;

કાહાન કાહાન કહી ફરી, ભાન દેહીનું ભુલી;
પ્રેમે વિદુરની નાર, નાહાતાં નાગી આઇ;
એ લક્ષણુ પ્રેમનું, જઇ ભેઠી જદુરાઈ;
ગર્ભને કાઢી નાખતી, છોડા મુખે ધરાય છે,
કહે નરભો પ્રેમનું પારખું, છબીલો છોડાં ખાય છે. ૨

છપ્પો.

નથી ભણ્યો હું વેદ, શાસ્ત્ર વાંચી ન જાણું,
સત્ય વેદ ગુરૂ વાકયમાં, શ્રદ્ધા ઉર આણું;
સંત મહન્તનાં વેણુ, સુણ્યાં મેં કાને;
તેમાં પૂર્ણ વિશ્વાસ, મનડુ મારૂં માને.
ગુરૂ શબ્દમાં ચીત્ત તે, પ્રોવાયું છે માહરૂં;
સેવા સ્મરણુ ધ્યાનથી, મુજ રૂદિયામાં વાયરૂં. ૧

દોહરા.

ઉરમાં પ્રગટયો પ્રેમ, હરીરસ ગુણ ગાવા;
પ્રાસ બેઠાની ખબર નહી, નીજ મન સમજાવા.
કાવ્ય પીંગળની ગમ નહી, કયાંથી બેસે પ્રાસ;
સજ્જન સુધારી વાંચજો, એમ કહે સોમદાસ.
ભુલ ચુક જો હોય તો, મુજને સમજાવો.
હું ન જાણું કાંઇ, જાણુનહારા આવો.
હું પ્યાસી સતસંગનો, ઉમ્મર સારી ગાળી એમ;
સત્સંગી જો મુજને મળે, તેમ તેમ વાધે પ્રેમ.
હરી રસ પીવા આશ ઘણી, પુરણુ કરો હરીજન;
મમતા રહિત સંતને, દાસ સોમો કહે ધન.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે પ્રેમવાણી ભજ માળા ભાગ ૧ લો નામનું લઘુ પુસ્તક બહાર પાડવામાં આવ્યું તે હરિજનોને જોઇએ તેમણે નીચેના ઠેકાણેથી મંગાવી લેવી.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

સરસપુરમાં—છપાવી પ્રસિદ્ધ કરનાર પાસેથી.

સરસપુરમાં—ભાવસાર ત્રીકમલાલ કુબેરદાસ પાસેથી.

અમદાવાદ—સરસ્વતિ પુસ્તકાલયમાં પટેલ ઝવેરભાઇ ઉમેદભ બુકસેલર પાસેથી મળશે. ઠે. રીચીરોડ.

અમદાવાદ.
તાબે સરસપુર.

લી.
હરીભક્ત સોમનાથ બુલાખીદાસ.
કર્ત્તા.

જાહેર ખબર.

શરીર દુઃખ હરણ—આ નામના પુસ્તકમાં જે જે નક્ષત્રો લખ્યાં છે તે તે નક્ષત્રના દીવસે તેમાં લખેલી ચીજો લાવી તેની દવા બનાવી રાખવી અને જ્યારે જોઇએ ત્યારે તેનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે અને તે નીષ્ફળ થતો નથી. પુસ્તકના પ્રમાણમાં કીંમત જુજ રાખવામાં આવી છે. કીં. ૦-૩-૦. પોસ્ટેજ જુદું સમ.જવું.

મળવાનું ઠેકાણું:—

લલુભાઈ વનમાળીદાસ—ભાવસાર.

ઠે. બાલાહનુમાન સામે, સરસપુર બજાર—**અમદાવાદ.**